RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 179* Date: 27.04.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કોરોના સંકટ વચ્ચે વડાપ્રધાને મન કી બાત થકી દેશવાસીઓનો જુસ્સો વધાર્યો

# કોરોના પડકાર ભારત માટે નવા પરિવર્તનની શરૂઆત છેઃ મોદી

ન્યુ દિલ્હી,તા.૨૬

કોરોના મહામારી એક પડકાર અને મુશ્કેલી છે. ભારતમાં કોરોના સામેની લડાઈ દેશના લોકો લડી રહ્યાં છે. સૌ કોઈ મુશ્કેલની આ ઘડીમાં પોતપોતાનું યોગદાન આપી રહ્યા છે. કોરોના પડકાર ભારત માટે નવા પરિવર્તનની શરૂઆત છે, અને ભારતમાં એક નવા પરિવર્તની શરૂઆત થઇ ગઇ છે, એમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના મન કી બાત કાર્યક્રમમાં આજે જણાવ્યું હતું. તેઓ દર મહિનાના છેલ્લા રવિવારે આકાશવાણી દ્વારા મન કી બાત રજૂ કરતાં આવ્યાં છે. આજે તેમની આ ૬૪મી કડી હતી. જેમાં તેમણે અપેક્ષા મુજબ કોરોના મહામારી ઉપર જ મુખ્યત્વે ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

તેમણે જણાવ્યું કે, દેશભરમાં કોરોનાવાયરસને કારણે લોકડાઉન કરવામાં આવ્યું છે. આવી સ્થિતિમાં લોકોને વિશેષ અપીલ છે. આજે સમગ્ર દેશ એક લક્ષ્ય અને ઉદ્દેશ સાથે આગળ વધી રહ્યો છે. દેશવાસીઓએ કોરોના સામેની લડાઈમાં કંઈને કંઈ યોગદાન આપવાનું નક્કી કર્યું છે. શહેર હોય કે ગામ તમામ સ્તરે એક મહાન યજ્ઞ ચાલી રહ્યો છે, સૌ કોઈ તેમા કંઈને કંઈક યોગદાન આપી રહ્યા છે. આજે આપણા ખેડૂતો દેશમાં કોઈ ભૂખ્યુ ન સુવે તેની ચિંતા કરે છે. કોઈ ભાડુ માફ કરે છે, કોઈ ખેતરના પાક કે શાકભાજી દાન આપી રહ્યા છે. અન્યોની મદદ માટે જે ભાવના છે તે કોરોના સામેની લડાઈમાં ભારતને શક્તિ આપી રહ્યું છે. હું નમ્રતા સાથે દેશવાસીઓને સર ઝુકાવી નમન કરું છું.

કોરોના પડકાર ભારત માટે નવા પરિવર્તનની શરૂઆત છે,



એમ કહીને તેમણે કહ્યું કે, દરેક મુશ્કેલ, પડકાર કંઈને કંઈક શીખવે છે. કેટલીક સંભાવનાના માર્ગ બનાવે છે. નવી દિશા આપે છે. આ કોરોનાની સ્થિતિમાં દેશવાસીઓએ જે સંકલ્પ શક્તિ દર્શાવી છે તે ભારતમાં એક નવા પરિવર્તનની શરૂઆત થઈ છે. આપણી સંસ્થાઓ, સેક્ટરો તથા તમામ ક્ષેત્રો નવી ટેકનોલોજી પરિવર્તન તરફ આગળ વધી રહ્યા છે. ટેકનોલોજીના મોરચે દરેક ઈનોવેટર કંઈને કંઈક નવું કરી રહ્યા છે. દેશ એક ટીમ તરીકે કામ કરે છે તેનો આજે આપણે અનુભવ કરી રહ્યા છીએ. સરકારના તમામ વિભાગો સાથે મળીને કામ કરી રહ્યા છે. એવિએશન, રેલવે સહિત તમામ સેક્ટર પ્રેરણાદાયી કામ કરી રહ્યા છે, જેથી લોકોને ઓછી તકલીફ પડે. આજે આપણા તમામ સાથી કોરોના વોરિયર છે. આજે ગરીબોને સીધા પૈસા ટ્રાન્સફર કરવામાં આવે છે. ગરીબોને ત્રણ મહિના ગેસ સિલિન્ડર મફત આપવામાં આવી રહ્યા છે. રાશન પૂરું પાડવામાં આવી રહ્યું છે. કોરોનાને લીધે કેટલાક હકારાત્મક પરિવર્તન જોવા મળ્યા છે. તે આપણા જીવનમાં કેટલીક જગ્યા બનાવી રહ્યા છે. તેણે આપણી સમજ અને વિચારોને જાગૃત કર્યા છે. આજે માસ્ક આપણા જીવનનો ભાગ બની રહ્યો છે.

સ્વાસ્થ્ય- પોલીસ કર્મચારીઓ માનવતાનું કામ કરી રહ્યા છે, એમ કહીને તેમણે જણાવ્યું કે, આજે દેશના દરેક ખુણેથી એવી તસ્વીરો આવી રહી છે જેમા લોકો સુરક્ષા કર્મી, સ્વાસ્થ્ય કર્મીઓ પર પુષ્પ વર્ષા કરી રહ્યા છે. આજે પોલીસ કર્મચારીઓ ગરીબોને ભોજન આપે છે, દવા પહોંચાડી રહી છે. પોલીસની માનવીય અને સંવેદનશીલતા આપણી સામે ઉભરીને આવ્યા, તેમણે આપણા હૃદયને સ્પર્શી લીધો છે. પોલીસ કર્મચારીઓ ખરા સેવાર્થીઓ તરીકે ઉભરી આવ્યા છે.

પ્રકૃતિ, વિકૃતિ અને સંસ્કૃતિને એક ભાવથી જોવામાં આવે તો આપણને જીવનનો એક નવો દ્વાર ખુલતો દેખાશે.પોતાના હિસ્સાની વસ્તુઓ અન્ય વચ્ચે વહેચીએ તેને જ તો સંસ્કૃતિ કહેવાય છે. ભારતે તેના સંશાધનો અને વિચારોને અનુરૂપ કેટલાક નિર્ણયો કર્યા છે. ભારતની આવશ્યકતા અને સુરક્ષા માટે યોગ્ય નિર્ણયો લીધા છે. આપણે વિશ્વમાં દરેક ખૂણે આવશ્યક દવાઓ પૂરી પાડી છે. તેઓ કહે છે થેક્ન્યુ ઈન્ડિયા, થેક્ન્યુ પિપલ્સ ઓફ ઈન્ડિયા. રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા આયુર્વેદનો કેવી રીતે ઉપયોગ થઈ રહ્યો છે તે આપણે જોઈ શકીએ છીએ. આયુષ મંત્રાલયે પણ આ માટે કેટલાક દિશા સૂચનો જારી કર્યા હતા.

દેશના રાજયોનો ઉલ્લેખ કરીને તેમણે કહ્યું કે, આપણા દેશની રાજય સરકારોની પણ પ્રશંસા કરું છું કે તેમણે ખૂબ જ સક્રિય ભૂમિકા ભજવી રહી છે. દેશમાં સ્વાસ્થ્ય કર્મચારીઓએ તાજેતરમાં જે અધ્યાદેશ લાવવામાં આવ્યો છે તેને આવકાર્યો છે. આપણા સ્વાસ્થ્ય કર્મચારીઓ દિવસ રાત કામ કરી રહ્યા છે તેમનું રક્ષણ કરવા માટે તે ખૂબ જ જરૂરી હતો.સમાજના દ્રષ્ટીકોણમાં પણ પરિવર્તન આવ્યું છે. આપણી સાથે જોડાયેલા લોકોને લઈ આપણો દ્રષ્ટિકોણ બદલાયો છે. આવશ્યક સેવાઓ પૂરી પાડનાર વ્યક્તિઓ વગર આપણુ જીવન કેટલું મુશ્કેલ હોઈ શકે છે તેનો આપણે અહેસાસ કરી રહ્યાં છીએ.

ખેડૂતોએ તેમની મહેનતથી દેશના અનાજ ભંડારોને અક્ષયપાત્ર બનાવ્યા છે એમ કહીને મોદીએ કહ્યું કે, આ એક સુખદ સહયોગ છે કે આજે અક્ષય તૃતિયાં પર્વ છે. જે ખેડૂતો માટે પણ મહત્વનો તહેવાર છે.. ક્ષયનો અર્થ થાય છે વિનાશ, પણ અક્ષયનો અર્થ થાય છે કે જેનો નાશ ન થાય. આ દિવસ આપણે એ યાદ અપાવે છે કે ગમે તેવી મુશ્કેલી પડે તેનો સામનો કરવાનો અને જુઝવાની ભાવના અક્ષય છે. આ એજ દિવસ છે કે શ્રી કૃષ્ણ અને સુર્ય ભગવાનના આર્શીવાદથી અક્ષય પાત્ર મળ્યું હતું. આજે ખેડૂતોની મહેનતથી આજે દેશ પાસે અનાજના અક્ષય ભંડાર છે. આપણે જંગલ, નદી વગેરેની ભૂમિકા અંગે વિચાર કરવો પડશે. આપણે આપણી ધરતી અક્ષય રહે તે સુનિશ્ચિત કરવી પડશે. સંકટના સમયમાં આપણી નાની એવી મદદ અન્ય માટે મોટી રાહત મળે છે.

### કુલ મૃત્યુઆંક ૮૨૪એ પહોંચ્યો

## કોરોના બેકાબૂ: દેશમાં સંક્રમિતોની સંખ્યા ૨૬ હજારને પાર, ૨૪ કલાકમાં ૪૯ના મોત

ન્યુ દિલ્હી,તા.૨૬

ભારતમાં કોરોના વાઈરસ સંક્રમણના નવા કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. દેશભરમાં કોરોના વાઈરસના દર્દીઓનો આંકડો ૨૬ હજારને પાર પહોંચી ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઈરસના કેસોમાં રેકોર્ડ વધારો જોવા મળ્યો છે અને ૧૯૯૦ નવા કેસો સામે આવ્યા છે, જ્યારે ૪૯ લોકોના મોત થયા છે.

રવિવારે સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે, દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યા વધીને ૨૬૪૯૬ થઈ ગઈ છે, જ્યારે આ જીવલેણ મહામારીથી ૮૨૪ લોકો મોતને ભેટ્યા છે.

કોરોના વાઈરસના કુલ ૨૬૪૯૬ કેસોમાંથી ૧૯૮૬૮ એક્ટિવ કેસો છે. આ ઉપરાંત ૫૮૦૩ લોકો સંપૂર્ણ સ્વસ્થ થઈ ચૂક્યા છે અને તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

કોરોના વાઈરસની સૌથી વ્યાપક અસર મહારાષ્ટ્રમાં જોવા મળી છે. જ્યાં જીવલેણ વાઈરસે ૩૨૩ લોકોનો ભોગ લીધો છે. આ સિવાય રાજયમાં આ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૭૦૨૭ પર પહોંચી ગઈ છે.

### દુનિયાની સૌથી પ્રખ્યાત સર્વે એજન્સી ગેલપએ ૨૮ દેશોની સરકાર પર સર્વે કર્યો

## કોરોના મહામારીને ઉકેલવામાં વડાપ્રધાન મોદી દુનિયામાં નંબર વન

### ૯૧ ટકા લોકોનું મંતવ્ય- સારું કામ કરી રહી છે મોદી સરકાર,૪૮ ટકા લોકો ટ્રમ્પના કામથી નાખુશ

ન્યુ દિલ્હી,તા.૨૬

કોરોના મહામારીના સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કામકાજ પર દુનિયાની એજન્સીઓ સતત મ્હોર મારી રહી છે. દુનિયાની સૌથી પ્રખ્યાત સર્વે એજન્સી ગેલપ એ કોરોના સંકટ કાળમાં ૨૮ દેશોની સરકારના કામકાજ પર સર્વે કર્યો અને આ સર્વેમાં સામે આવ્યું છે કે કોરોના સંક્રમણને ઉકેલવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દુનિયાના નંબર ૧ લીડર છે.

ગેલપના મતે સર્વેમાં સામેલ ૯૧ ટકા લોકોના મંતવ્ય છે કે ભારત સરકાર કોરોનાને ઉકેલવામાં સારું કામ કરી રહી છે. ગેલપના સર્વેમાં ભારત સરકારનું રેટિંગ દુનિયાભરની સરકારોમાં નંબર ૧ છે. સર્વેમાં સામેલ ૭૯% લોકોએ એમ પણ કહ્યું છે કે લોકડાઉન વધારવાનો સરકારનો નિર્ણય યોગ્ય હતો.

આપને જણાવી દઈએ કે આની પહેલાં અમેરિકાની એક એજન્સીએ કોરોના સામેની જંગમાં મોદીને દુનિયાના નંબર વન નેતા માન્યા હતા. મોર્નિંગ કંસલ્ટ નામી ગ્લોબલ ટેકનોલોજી અને મીડિયા કંપનીએ માર્ચના મધ્યમાં એક સર્વે કરાવ્યો. આ સર્વેમાં પીએમ મોદીને કોરોનાની વિરૂદ્ધ લડાઈમાં સૌથી મોટા અને પ્રભાવશાળી નેતા ગણાવ્યા.

ત્યારબાદ બ્રિટનની ઓનલાઈન ડિજિટલ અને એનાલિટિક્સ ફર્મ રૅર્ઈર્દ્દએ પોતાના સર્વેમાં કોરોનાને ઉકેલવામાં પીએમ મોદીને દુનિયાના બીજા સૌથી મોટા લોકપ્રિય નેતા મનાય છે.

આ બંને એજન્સીઓ બાદ ગેલપ એ પણ પીએમ મોદીના કામના વખાણ કર્યા છે. ગેલપના સર્વેમાં જ્યાં ભારતની સરકાર પર સર્વેમાં સામેલ ૯૧ ટકા પ્રજાને વિશ્વાસ છે તો ઓસ્ટ્રિયાની સરકાર પર ત્યાંની ૮૬ ટકા પ્રજાને વિશ્વાસ છે. પાકિસ્તાનમાં પણ ૮૨ ટકા લોકો માને છે કે ઈમરાન ખાન સરકાર કોરોનાની વિરૂદ્ધ સારું કામ કરી રહી છે. ફિલિપાઈન્સમાં ૮૦ ટકા લોકોને સરકારના કામ પર વિશ્વાસ છે.

ગેલપના સર્વેમાં એ પણ સામે આવ્યું કે અમેરિકામાં ૪૮ ટકા લોકોનું મંતવ્ય છે કે સરકારે યોગ્ય કામ કર્યું નથી. થાઈલેન્ડના ૮૧ ટકા લોકો કોરોનાને ઉકેલવામાં સરકારના કામકાજથી નાખુશ છે જ્યારે જાપાનમાં પણ ૬૯ ટકા લોકો સરકારથી નારાજ છે.

ભારતમાં ૭૯ ટકા લોકોએ લોકડાઉન વધારવાના સરકારના નિર્ણયથી સહમતિ વ્યકત કરી છે. ભારત એ દેશોમાં પણ સામેલ છે જ્યાં ૯૦ ટકાથી વધુ લોકોએ એ વાતથી અસહમતિ વ્યક્ત કરી છે કે હાલના સંકટમાં લોકતંત્ર પ્રભાવિત નથી.

## ૩ મે બાદ પણ રાહતની શક્યતા નહીં, લૉકડાઉન યથાવત રાખવા તૈયાર મોટાભાગના રાજ્યો

ન્યુ દિલ્હી,તા.૨૬

દેશમાં કોરોના વાયરસના વધતા કેસને જોતા વધારવામાં આવેલું લૉકડાઉન ૩ મેએ પૂર્ણ થઈ રહ્યું છે. કોવિડ-૧૯ સંક્રમણની ગતિ હજુ ધીમી પડી નથી, તેવામાં ઘણા રાજ્ય ૩ મે બાદ પણ લૉકડાઉન જારી રાખવા ઈચ્છે છે. કોરોના પર બનેલી દિલ્હી સરકારની કમિટીએ એક દિવસ પહેલાં કહ્યું હતું કે રાષ્ટ્રીય રાજધાનીમાં ૧૬ મે સુધી લૉકડાઉન વધારવું પડશે. ત્યારબાદ શનિવારે વધુ પાંચ રાજ્યોએ કહ્યું કે, અમારે ત્યાં હોટસ્પોટમાં ૩ મે બાદ પણ લૉકડાઉન યથાવત રાખવા ઈચ્છીએ છીએ. મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, પંજાબ, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં લૉકડાઉન આગળ વધારવાની વાત કહેવામાં આવી છે. તો છ રાજ્ય- આંધ્ર પ્રદેશ, હરિયાણા, હિમાચલ પ્રદેશ, કર્ણાટક, ગુજરાત અને તમિલનાડુએ કહ્યું કે, તે કેન્દ્રના આદેશોનું પાલન કરશે. પરંતુ આસામ, કેરલ અને બિહાર આ વિશે વડાપ્રધાન મોદી સાથે વીડિયો કોન્ફરન્સ બાદ કોઈ નિર્ણય લેવા ઈચ્છે છે.

તેલંગણાએ પહેલા જ લૉકડાઉનને આગળ વધારી દીધું છે. ત્યાં ૭ મે સુધી લૉકડાઉન રહેશે. રાજ્ય સરકારે કહ્યું કે, તે બે દિવસ પહેલાં એટલે કે ૫ મેએ લૉકડાઉન વધુ વધારવાનો નિર્ણય લેશે. કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપે લૉકડાઉન વધારવા ઈચ્છે છે. રાજ્યના ૯૨ ટકા કેસ માત્ર મુંબઈ અને પુણેમાં છે. તેઓ ઈચ્છે છે કે અહીંના કન્ટેનમેન્ટ ઝોન છે ત્યાં ૧૮ મે સુધી લૉકડાઉન જારી રહે. પરંતુ તેમણે કહ્યું કે, તેના પર પીએમ મોદી સાથે ચર્ચા બાદ નિર્ણય લેવામાં આવશે. બંગાળ, પંજાબ અને ઓડિશા પણ ૩ મે બાદ લૉકડાઉન વધારવા ઈચ્છે છે. સૂત્રો અનુસાર, બંગાળ સરકાર કોલકત્તા, ઉત્તરી ૨૪ પરગના, હુગલી, ઈસ્ટ મિદનાપુર, ઈસ્ટ બર્દવાન અને નાદિયાના રેડ ઝોનમાં પ્રતિબંધ યથાવત રાખી શકે છે. પરંતુ સરકાર સંપૂર્ણ રાજ્યમાં લૉકડાઉનના પક્ષમાં નથી. પંજાબના મુખ્યમંત્રીનું માનવું છે કે થોડા સમય માટે લૉકડાઉન સંપૂર્ણ રીતે હટાવવુ સંભવ બનશે નહીં કારણ કે રાજ્યએ છેલ્લા ૪૦ દિવસમાં કોવિડ-૧૯ના કર્વમાં ત્રણ વખત ઉછાળો જોયો છે.

મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે સ્પષ્ટ કર્યું કે, ઈન્દોર, ભોપાલ, ઉજ્જૈન અને ખરગોનમાં ૩ મે બાદ લૉકડાઉન હટાવવું સંભવ નથી. સરકાર જબલપુરમાં પણ લૉકડાઉન વધારી શકે છે, કારણ કે ત્યાં છેલ્લા બે-ત્રણ દિવસમાં કેસો વધ્યા છે. રાજસ્થાનના સીએમ ઈચ્છે છે કે ગ્રાઉન્ડની પરિસ્થિતિના આધાર પર રાજ્યોને લૉકડાઉન પર નિર્ણય કરવાની છૂટ આપવામાં આવે.

### કોરોનાએ સેનાના ત્રણેય ભાગમાં મર્યાદિત અસર કરી

## કોરોનાએ શીખવ્યું છે કે આપણે કેવી રીતે આત્મનિર્ભર થઈ શકીએઃ બિપિન રાવત

ન્યુ દિલ્હી,તા.૨૬

સમગ્ર દેશ કોરોના વાયરસ સામે સંયુક્ત રીતે લડી રહ્યો છે. વાયરસ દરેક વિસ્તારમાં પહોંચી રહ્યો છે અને હવે તો ભારતીય સેનાનાં જવાનોને પણ તે ચેપગ્રસ્ત કરી ચુક્યો છે. ત્યારે કોરોના સંકટ વચ્ચે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ, જનરલ બિપિન રાવતે કહ્યું કે, સૈન્ય તરીકે અમે કોરોના સામે લડવાની અમારી જવાબદારી માનીએ છીએ. અમે સુનિશ્ચિત કર્યું છે કે, અમારા બધા સૈનિકો સલામત છે, જો અમારા જવાન, સેલર, એરમેન કોરોનાથી સંક્રમિત થયા તો અમે લોકોને કેવી રીતે મદદ કરીશું. કોરોનાએ સેનાનાં ત્રણેય ભાગોને અસર કરી છે, પરંતુ તે ખૂબ મર્યાદિત સંખ્યા છે. શિસ્ત અને ધૈર્યથી અમને આ રોગને રોકવામાં મદદ મળી છે.

જનરલ રાવતે કહ્યું કે, અનેક માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે, જેને આપણે અનુસરવાની જરૂર છે. ધૈર્ય અને શિસ્ત આપણને કોરોના સામેની લડતમાં મદદ કરશે. મને એમ કહીને ખૂબ જ આનંદ થાય છે કે અમારા લોકોએ આરોગ્ય સેતુ એપ્લિકેશન ડાઉનલોડ કરી છે, તેથી જો કોઈને ચેપ લાગ્યો હોય, તો અમે ખાતરી કરી શકીશું કે તે વાયરસ અન્ય લોકોમાં ફેલાય નહીં. આ સમયે અમે શસ્ત્રો, સાધનો અને દારૂગોળા વગેરે આયાત કરીએ છીએ. પરંતુ જો આપણે આ કામ ઉદ્યોગને આપી શકીએ અને તેમને સંશોધન ક્ષેત્રે કાર્ય કરવા દઈએ, તો આપણે આપણા દેશમાં શસ્ત્રો બનાવવાનું શરૂ કરી શકીએ છીએ.

જનરલ રાવતે કહ્યું કે, કોરોના સંકટ દરમિયાન વૈજ્ઞાનિક અને તબીબી સંશોધનનાં લોકો નવા સંશોધન સાથે આવ્યા છે, જેનાથી મેડિકલની ચીજો તૈયાર થઈ રહી છે અને અમે તેને વિદેશમાં નિકાસ કરી રહ્યા છીએ. તે જબરદસ્ત છે. અમને જે પણ બજેટ આપવામાં આવ્યું છે, તે હેઠળ અમારે કોઈપણ પ્રકારનાં નકામા ખર્ચની બચત કરવી પડશે.

## ભોપાલ ગેસ દુર્ઘટનામાં બચેલા લોકો માટે કાળ બન્યો કોરોનાઃ ૧૦ના મોત

ભોપાલ,તા.૨૬

૧૯૮૪ના ભોપાલ ગેસ કાંડમાં બચેલા લોકો માટે કોરોના મહામારી કાળ બની ગયો છે. વિશ્વની સૌથી મોટી ઔદ્યોગિક દુર્ઘટનામાં બચેલા લોકો હવે કોરોનાના લીધે પોતાના જીવ ગુમાવી રહ્યા છે. મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં અત્યાર સુધી કોરોનાથી ૧૦ લોકોના મોત થયા છે. આ તમામ લોકો ભોપાલ ગેસ કાંડના પીડિત છે.

ભોપાલમાં કોરોનાથી મોતની રફતાર ધીમી છે. પરંતુ જે લોકોના અત્યાર સુધી ડેથ થયેલા તમામના રિપોર્ટ મોત બાદ પોઝિટીવ આવ્યા છે. ૭૦ વર્ષના રજ્જાક કુરેશી ભોપાલના પુતલીઘરના રહેવાસી હતા. રાજયની સૌથી મોટી હોસ્પિટલ હમિદિયામાં ૨૨ એપ્રિલના રોજ મોત થયું, શુક્રવારના રોજ તેમનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. રજ્જાક કુરૈશી બ્લડપ્રેશર અને ડાયાબીટસના દર્દી હતા.વાત એમ છે કે ૧૯૮૪ના ગેસ પીડિતોના શરીર કોવિડ-૧૯થી લડવામાં સક્ષમ નહોતા. આ અકસ્માતમાં તેમના ફેફસાં અને અન્ય અંગ ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા. સાથો સાથ તેમની ઈમ્યુનિટી પણ નબળી હતી. એવામાં આ લોકો કોરોનાની ઝપટમાં વધુ આવી રહ્યા છે. મોટાભાગના ગેસ પીડિત કોરોનાના હોટસ્પોટવાળા વિસ્તારમાં જ રહે છે.મધ્યપ્રદેશ હાઈકોર્ટે તાજેતરમાં જ ભોપાલ ગેસ પીડિતો માટે બનેલી હોસ્પિટલ બીએમએચઆરસીને નિર્દેશિત કર્યા છે કે અહીં સારવાર માટે આવનાર તમામ દર્દીનો વાયરસ ટેસ્ટ થાય જેથી કરીને તેમની સારવાર થઈ શકે. પ્રદાન કરવાનું કહ્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

## આખું વિશ્વ ચાર દીવાલોની અંદર કેદ

આખું વિશ્વ ચાર દીવાલોની અંદર કેદ છે. મુક્ત ગગન તળે સર્વ જીવો વિહરવા માટે આઝાદ છે, પણ શરત એ છે કે તે મનુષ્ય જાતિના ન હોવા જોઈએ. જરૂરિયાત શોધની જનની હોય તો લાચારી સવલતની માસી બને છે. જે એક સમયે ઠાઠનું સાધન ગણાતું એ આજના સમય માટે પાયાગત જરૂરિયાત બની ગઈ છે. મોરબીના ઉદ્યોગપતિના આફ્રિકન કંપનીઓ સાથે કરાર છે અને બેંગલોરની આઈટી કંપની લક્ઝેમ્બર્ગમાં પોતાના સોફ્ટવેર આપી રહી છે. સામાન્ય માણસને પણ પોતાના શહેરના બીજા છેડે રહેતા માણસ સાથે રૂબરૂ થવું જ પડે છે, નહીંતર વેપારધંધા ઠપ્પ થઈ શકે છે. અત્યારે કરફ્યુના માહોલમાં વીડિયો મિટિંગ જ દરેકની ઔદ્યોગિક અને વ્યાપારિક નૌકા બચાવનારી સવલત બની છે. શરૂઆતના તબક્કામાં તેને વીડિયોટેલિફોની કહેવામાં આવતું જેણે હવે વીડિયો કોન્ફરન્સિંગ અને વેબિનારનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. હવે તો અનેક નવા ડિજિટલ પ્લેટફોર્મ આવી રહ્યા છે.આદિકાળથી મનુષ્ય કાન સાથે આંખનો ઉપયોગ કરવા ટેવાયેલો છે. ચહેરો જોયા વિના વધુ વખત ફક્ત શ્રવણીય વાત કરવામાં આવે તો માણસને બહુ ચેન પડતું નથી.ઉત્ક્રાંતિના ચાકડે મનુષ્ય દ્રષ્ટિ અને શ્રવણેન્દ્રિયને સાથે વાપરતા શીખ્યો છે. માટે ટેલિફોનની શોધ અલબત્ત યુગપ્રવર્તક શોધ હતી પરંતુ તે અપૂરતી હતી. તેની ઉણપની પરિપૂત વીડિયો કોલે કરી છે. જેની ઉપર વર્તમાન ભારત લોકડાઉન થયું ત્યારથી અઢળક કામો થાય છે, જે લોકડાઉન પહેલા રૂબરૂ જ થતા હતા. અત્યારના કઠિન સમયમાં તો વીડિયો કોલિંગ ફેસિલિટી કોર્પોરેટ કંપનીઓનો આધારસ્થંભ બની ગઈ છે. દરેક બહુરાષ્ટ્રીય સંસ્થા વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પોતાનું કામ આગળ ચલાવી રહી છે. આ સવલતનો એક ફાયદો એ થયો છે કે ટીએડીએ નામનો જે વિભાગ કંપનીને પ્રતિવર્ષ લાખો-કરોડો રૂપિયાનો પડતો એ સમુળગો બંધ થઈ ગયો છે. પ્રવાસભથ્થું અને રોજિંદા ભથ્થાને ઈન્ટરનેટની ફોર-જી સ્પીડ ઓહિયા કરી ગઈ છે.સોશ્યલ મીડિયાના જુદા જુદા પ્લેટફોર્મ પર પહેલા વીડિયો કોલની સગવડ આવી હતી અને પછી ગ્રુપ કોલિંગની સવલત આવી. વીડિયો ચેટ સિવાય વ્યાપારિક કામો માટે એક સમયે સ્કાય-પીએ વર્ષો સુધી રાજ કર્યું. અમેરિકન દૂતાવાસ જેવી રાજદ્વારી કચેરીઓ કે વિઝા કોન્સ્યુલેટના કાર્યાલયો તેનો ઉપયોગ કરતા. એ સોફ્ટવેરને કારણે ગ્રામ વિસ્તારના બહેન કે ભાઈને આંતરરાષ્ટ્રીય કંપનીમાં નોકરી મળી હોય તે બનવાજોગ છે. કારણ કે ઈન્ટરવ્યૂ લેવા માટેનું તે શ્રેષ્ઠ માધ્યમ હતું. વીડિયો ચેટની શરૂઆત તો સોશ્યલ મીડિયાના સ્થાપક અને ઈન્ટરનેટના તાજ સમાન યાહૂ ગ્રુપે જ કરેલી પણ ધીમે ધીમે ગુગલે લગભગ દરેક વીડિયો કોલિંગ પ્રોટોકોલ પર પોતાનો પગદંડો જમાવી દીધો. વીડિયો કોલને કારણે શૈક્ષણિક ક્ષેત્રે મોટી ક્રાંતિ આવી તે છે વેબ-સેમિનાર. આધુનિક નામકરણ મુજબ વેબિનાર નામે ઓળખાતી એ સવલતે સિત્તેર-એંશીના દાયકામાં ખૂબ ઉપડેલી અને અત્યાર સુધી ચાલેલી કોરસપોન્ડન્સ એજ્યુકેશન સેવાનો જાણે મરણઘંટ વગાડયો. હવે કોઈ પણ વિષયના ક્રેશ કોર્સ કે ફૂલ કોર્સ આ વેબિનારમાં થાય છે. બાલમંદિરથી શરૂ કરીને ધોરણ બારના કોઈ પણ પ્રવાહમાં ભણાવવામાં આવતા કોઈ પણ બોર્ડના કલાસરૂમ લેકચર્સના વીડિયો ઉપલબ્ધ છે, અલબત્ત ધંધાદારી રીતે. કમ્પ્યુટરને ફક્ત ચાલુ અને બંધ કરી જાણતી વ્યક્તિ આ પ્રકારના વેબિનારથી હેકર બની હોય એવા દાખલા પણ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૭/૦૪/૨૦૨૦, સોમવાર, ચૈત્ર સુદ-૪
સૂર્યોદય-૬-૧૯, સૂર્યાસ્ત-૭-૧૧, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ મૃગશીર્ષ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૧૯થી ૭-૫૫ સુધી, અમૃત-૯-૩૨ થી શુભ-૧૧-૦૮ સુધી,૧૪-૧૧ થી ચલ-૨૦-૩૪ સુધી, ૨૩-૨૧ થી લાભ-૨૪-૪૪ સુધી

**- શુભ હોરા-**
૬-૧૯થી ૭-૨૩ સુધી, ૮-૨૭ થી ૯-૩૨ સુધી, ૧૧-૪૦થી ૧૪-૫૩ સુધી, ૧૫-૫૮ થી ૧૭-૦૮ સુધી

## દૈનિક રાશીફળ

તા. ૨૭-૦૪-૨૦૨૦ સોમવાર

**મેષ (અ.લ.ઈ.) :-** તમારો યોજનાબદ્ધ કાર્યક્રમ ચાલતો હોય બપોરથી તમારુ બજેટ ખોરવાઈ જાય તેવા ખર્ચા થાય ને કાર્યો અટકે

**વૃષભ (બ.વ.ઉ.) :-** તમારા કાર્યક્ષેત્રની જંજાળોમાં ફસાયેલા હોય બપોરથી મનગમતી પ્રવૃત્તિ હાથમાં આવતા ઉત્સાહને પ્રસન્નતા વધે.

**મિથુન (ક.છ.ઘ.) :-** તમારી ગણતરી મુજબ કાર્ય થતાં દેખાય. બપોરથી વિરોધીની હેરાનગતિ વધતા અણધાર્યા ખર્ચ થાય. ચિંતા પ્રવર્તે

**કર્ક (ડ.હ.) :-** તમારા વિચારોને સાકાર કરવાનો સમય આવી ગયો છે. તમારી મહેનત ખીલી ઉઠે ને બપોરથી આર્થિકસ વળતર મેળવો.

**સિંહ (મ.ટ.) :-** તમારી તબિયતમાં ધીરે ધીરે સુધારો થાય. બપોરથી કાર્યક્ષેત્રે નિયમિતતા જળવાય ને કાર્ય પૂરા કરવામાં વ્યસ્ત રહો.

**કન્યા (પ.ઠ.ણ.) :-** તમારી તબિયતને કારણે આરામ કરવો પડે. રોજિંદા રૂટિન કાર્ય અટકી જાય. બપોરથી ભાગ્ય સાથ ન આપે તેવું લાગે.

**તુલા (ર.ત.) :-** તમારા કાર્યક્ષેત્રે બધુ બરાબર ચાલતુ હોય. બપોરથી ખોટા વિવાદોમાં ફસાઈ જતાં માનહાનિનો પ્રસંગ ઉદ્ભવે.

**વૃશ્ચિક (ન.ય.) :-** તમે શિસ્તના આગ્રહી હોવાથી કાર્ય વ્યવસ્થિત પુરા થાય. ઓળખાણને કારણે કાર્યમાં ફાયદાવાળા ઓર્ડરો મેવળો.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** તમારા વર્તુળમાંથી તમારી બાદબાકી થઇ જાય. કાર્યક્ષેત્રે ભવિષ્યનું આયોજન બનાવો. સફળ રહો.

**મકર (ખ.જ.) :-** તમે કાર્યનાં બોજા હેઠળ દબાયેલા હોય બપોરથી મહત્વના કાર્યો અધુરા રહેતા પીછેહઠ કરવી પડે.

**કુંભ (ગ.શ.સ.) :-** તમારા રૂટિન કાર્યમાં અલગથી કમાણી થાય. શારીરિક માનસિક અસ્વસ્થતા રહેતા ઉદ્વેગ પ્રવર્તે

**મીન (દ.ચ.ઝ.) :-** તમારા મનની અસ્થિરતાને કારણે કામકાજ ગુમાવો, બપોરથી આત્મવિશ્વાસ કેળવો. યોગ્ય નિર્ણય લઇ આગળ વધો.

### સંક્રમિતોનો આંકડો ૨૯ લાખને પાર,આર્જેન્ટિનાએ પ્રતિબંધો ૧૦મે સુધી લંબાવ્યા

# દુનિયાભરમાં કોરોનાએ બે લાખ લોકોનો ભોગ લીધોઃ બ્રિટનમાં ૨૪ કલાકમાં ૮૦૦ના મોત

ન્યૂયોર્ક,તા.૨૬

વિશ્વભરમાં કોરોનાના ૨૯.૨૧ લાખ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં બે લાખ ત્રણ હજાર ૨૮૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૮.૩૭ લાખ લોકોને સારવાર પછી હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૪૯૪ લોકોએ જીવ ગુમાવ્યા છે, અહીં મૃત્યુઆંક ૫૪ હજાર ૨૬૫ થયો છે. અમેરિકામાં ૯ લાખ ૬૦ હજાર ૮૯૬ લોકો સંક્રમણનો ભોગ બન્યા છે. અહીં ૫૨.૭૯ લાખ લોકોનો ટેસ્ટ કરાયો છે. ટ્રમ્પે ડેઈલી બ્રીફિંગ બંધ કર દીધું છે. કોરોનામાંથી સાજા થયેલા બ્રિટનના પીએમ જોનસન આવતીકાલે ઓફિસ જોઈન કરશે.

મહામારીની શરૂઆતથી જ ક્યુબાએ ઘણા દેશોમાં મેડીકલ ટીમ મોકલી તેની મદદ કરી છે. ક્યુબાએ શનિવારે દક્ષિણ આફ્રિકામાં ૨૧૬ સ્વાસ્થ્ય કર્મચારીની ટીમ મોકલી છે. ક્યુબાએ અત્યાર સુધીમાં ઈટાલી, મેક્સિકો, અંગોલા, જમૈકા, વેનેજુએલા સહિત ૧૯ દેશમાં મેડીકલ ટીમ મોકલી છે. જેમાં કુલ ૯૦૦ ડોક્ટર અને નર્સ છે. હજુ આર્જેન્ટિના અને સ્પેનમાં ટીમ મોકલવાની બાકી છે. ક્યુબાએ ૨૦૦૪માં શ્રીલંકાને સુનામી દરમિયાન અને ૨૦૦૫માં પાકિસ્તાનને ભૂકંપ દરમિયાન મદદ કરી હતી. જર્મનીમાં લોકડાઉનનો વિરોધ કરનાર ૧૦૦થી વધારે લોકોની પોલીસે ધરપકડ કરી છે. આ પ્રદર્શનમાં એક હજાર લોકો સામેલ હતા. જર્મનીમાં એક લાખ ૫૬ હજાર પોઝિટિવ કેસ છે અને ૫૮૭૭ લોકોએ જીવ ગુમાવ્યા છે.

કોરોના વાઈરસના કારણે ૨૦ હજારના મૃત્યુઆંકને પાર કરનાર બ્રિટન પાંચમો દેશ બની ગયો છે. અમેરિકામાં ૫૪ હજારથી વધારે લોકોએ, ઈટાલીમાં ૨૬ હજારથી વધારે લોકોએ, સ્પેનમાં ૨૩ હજાર લોકોએ, ફ્રાન્સમાં ૨૨ હજાર ૬૦૦ લોકોએ જીવ ગુમાવ્યો છે.

બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જોનસન કોરોના સંક્રમણથી સાજા થઈ ગયા પછી સોમવારથી પોતાનું કામકાજ સંભાળી લેશે. તેઓ લંડનની સેન્ટ થોમસ હોસ્પિટલમાં બે સપ્તાહ સુધી દાખલ હતા.

કેનેડામા ૨૪ કલાકમાં ૧૦૦ લોકોના મોત થયા છે. અહીં સંક્રમિતોની સંખ્યા વધીને ૪૫ હજાર ૩૫૪ થઈ છે અને ૨,૪૬૫ લોકોએ જીવ ગુમાવ્યો છે.

# બેક્રોનો મોટો નિર્ણયઃ ૩ સુવિધા તમામ ગ્રાહકો માટે ફ્રી કરી

મુંબઇ,તા.૨૬

એક વાત સ્પષ્ટ છે કે સરકાર હવે કોરોના સંકટનો સામનો કરવા માટે અનેક કામ એકસાથે કરી રહી છે. નાણાં પ્રધાન નિર્મલા સીતારામને ગરીબો તેમજ સામાન્ય લોકોને રાહત આપવા માટે ઘણા પગલા લીધા છે. લોકો તેમના પોતાના ઘરે છે. સરકાર તેમની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે તમામ પ્રયત્નો કરી રહી છે. તેમાં બેક્ર દ્વારા મળતા આ લાભ વિશે તમારે ખરેખર જાણવું જોઈએ.

**ત્રણ મહિના સુધી કોઈપણ બેંકના એટીએમમાંથી પૈસા ઉપાડવા માટે કોઈ ચાર્જ નહીં**

૩૦ જૂન ૨૦૨૦ સુધીમાં કોઈપણ બેંકના એટીએમમાંથી કોઈપણ બેંકના ડેબિટ કાર્ડમાંથી પૈસા ઉપાડવા માટે કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં. લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને સરકારે આ પગલું ભર્યું છે. સરકારનો હેતુ છે કે લોકો રોકડ ઉપાડવા માટે તેમના ઘરેથી વધુ દૂર ન જવું પડે અને નજીકના એટીએમમાંથી પૈસા ઉપાડી શકે. આ સિવાયના સામાન્ય દિવસો માટે આરબીઆઈ દ્વારા બહાર પાડેલા નિયમો અનુસાર, બેંકોએ એક મહિનામાં ઓછામાં ઓછા પાંચ ટ્રાજેક્શન ફ્રીમાં કરવા દેવાની છૂટ આપી છે.

**ઓછામાં ઓછું બેલેન્સ રાખવાની જરૂર નથી**

સેવિંગ બેંક એકાઉન્ટ માટે ન્યૂનતમ બેલેન્સ રદ કરવામાં આવ્યું છે. એટલે કે ૩૦ જૂન ૨૦૨૦ સુધી બેંક ખાતામાં ઓછામાં ઓછું બેલેન્સ જાળવવાની પણ જરૂર નથી. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા (એસબીઆઇ) એ તેના કરોડો ગ્રાહકોને એક મોટી ભેટ આપી છે. એસબીઆઈએ તમામ પ્રકારના બચત ખાતા પર સરેરાશ માસિક સંતુલન (એએમબી) ની જરૂરિયાત પૂરી કરી દીધી છે.

આનો અર્થ એ થયો કે ગ્રાહકોના ખાતામાં લઘુત્તમ બેલેન્સ રાખવાની તકલીફ સમાપ્ત થઈ ગઈ છે. એસબીઆઈના આ નિર્ણયનો લાભ ૪૪.૫૧ કરોડ ગ્રાહકોને મળશે. આ સિવાય અન્ય એક મહત્વપૂર્ણ નિર્ણયમાં એસબીઆઈએ બચત બેંક ખાતા પરના તેના વ્યાજ દરને વાર્ષિક ધોરણે ૩૨ ટકા કરી નાંખ્યો છે.

**ઓનલાઇન ટ્રાજેક્શન થયું ફ્રી**

સરકારી બેંક પીએનબીએ ઇન્ટરનેટ બેંકિંગ અને મોબાઇલ બેંકિંગ દ્વારા કરવામાં આવતા ટ્રાજેક્શન પરના આઇએમપીએસ ચાર્જને સંપૂર્ણપણે નાબૂદ કર્યો છે. પંજાબ નેશનલ બેંકે આ માહિતી આપી છે. પીએનબીએ જણાવ્યું હતું કે, આઇએમપીએસ ચાર્જને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો આ નિર્ણય તાત્કાલિક અસરને જોતા લીધો છે. પંજાબ નેશનલ બેંકના ગ્રાહકો હવે આ નિર્ણય પછી દિવસ દીઠ રૂ .૫૦,૦૦૦ ટ્રાન્સફર કરશે ત્યાં સુધી કોઈ જ ચાર્જ નીં ચૂકવવો પડે. આ પહેલાં આઈએમપીએસ ચાર્જ રૂપે ૫ રૂપિયા + જીએસટી ચૂકવવા પડતા હતા.

## પાકિસ્તાનમાં કોરોના સંકટ વચ્ચે સેનાએ વડાપ્રધાન ઈમરાન ખાનને સાઈડલાઈન કર્યા

ઈસ્લામાબાદ,તા.૨૬

કોરોના વાયરસે પાકિસ્તાનમાં પગપેસારો કર્યો છે. દેશમાં અત્યાર સુધી ૧૨ હજારથી વધારે કેસ સામે આવ્યા છે અને ૨૬૫ લોકોના મોત થયા છે. આ મહાસંકટની વચ્ચે પાકિસ્તાનની શક્તિશાળી સેનાએ વડાપ્રધાન ઈમરાન ખાનને સાઈડલાઈન કરી દીધા છે અને સેના પ્રમુખ કમર જાવેદ બાજવાએ આ લડતની કમાન સંભાળી લીધી છે.

પાકિસ્તાનમાં કોરોના વાયરસની સામે લડી રહેલા ડોક્ટરોને કીટ નહીં મળવાને કારણે તેઓ સરકારની વિરુદ્ધ પ્રદર્શન કરી રહ્યા છે. ઈમરાન ખાનના કડક નિર્ણય લેવા અને વાયરસને પ્રસારને રોકવા માટે લોકડાઉન કરવામાં નિષ્ફળ રહ્યા બાદ સેના પ્રમુખે ઈમરાન ખાનને સાઈડલાઈન કરી દીધા છે.

જણાવવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાનની સેના એ વાતથી પણ નાખુશ છે કે તેઓ કાશ્મીર મુદ્દે આંતરરાષ્ટ્રીય ધ્યાન ખેંચવામાં નિષ્ફળ રહ્યા છે. એટલું જ નહીં ઈમરાન ખાન એફટીએફની ગ્રે લિસ્ટામાંથી પણ પાકિસ્તાનને બહાર કાઢી શક્યા નથી.

પાકિસ્તાનની પીપલ્સ પાર્ટીના એક સાંસદે નફીસા શાહે જણાવ્યું છે કે, ઈરજન્સીના સમયમાં એક નેતાએ સ્પષ્ટ નિર્ણય લેવાના હોય છે અને તેમને લાગુ કરવાના હોય છે. તમે ડરી શકતા નથી. દક્ષિણ એશિયાના બાબતોના નિષ્ણાંત સજ્જન ગોહિલે જણાવ્યું છે કે સમગ્ર દુનિયા કડક લોકડાઉનની સલાહ આપી રહી છે. જો વડાપ્રધાન નિર્ણાયક નિર્ણય લે તો કોણ લેશે.

# અમેરિકામાં ૨૪ કલાકમાં ૨૫૦૦ના મોતઃ કુલ મૃત્યુઆંક ૫૪ હજારને પાર




વોશિંગ્ટન,તા.૨૬

વિશ્વભરમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે. ત્યારે અમેરિકા સૌથી વધુ પ્રભાવિત બન્યું છે. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૪૯૪ લોકોના મૃત્યુ કોરોનાના કારણે થયાં છે. અને ૫૪, ૨૬૫ લોકોના કુલ મૃત્યુ અત્યાર સુધી કોરોનાના કારણે થયાં છે. અમેરિકામાં અત્યાર સુધી ૯,૬૦, ૦૦૦ થી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. વિશ્વની આ મહામારી વચ્ચે અમેરિકામાં વધતા જતાં કેસ એ ચિંતાનું કારણ બની રહ્યું છે.અને સૌથી વધારે મૃત્યુ અને કોરોના પોઝિટિવ કેસ ન્યૂયોર્કમાં નોંધાયા છે.

ઉત્તર અમેરિકા ખંડમાં પણ કેસની સંખ્યા ૧૦ લાખને પાર થઈ છે. એમાં એકલા અમેરિકામાં જ સવા નવ લાખથી વધારે કેસ છે. બીજા ક્રમે કેનેડા છે જ્યાં ૪૪ હજાર જેટલા કેસ નોંધાયા છે. એ પછી મેક્સિકોમાં ૧૩ હજાર અને ડોમિનિક રિપબ્લિકમાં પોણા છ હજાર કેસ નોંધાયા છે.ઉત્તર અમેરિકા ખંડનો કુલ મૃત્યુઆંક ૫૬ હજારથી થોડો વધારે છે. ઈટાલીમાં મે મહિનાના પહેલા અઠવાડિયાથી લૉકડાઉનમાં રાહત આપવાની શરૂઆત થશે. એ વખતે સરકાર લોકોને વિનામૂલ્યે માસ્ક આપશે. જેથી સલામતી જાળવી શકાય.

જોકે અમેરિકા ચેપના ફેલાવાથી મુક્ત થઈ રહ્યું હોય એવુ સંશોધકો માને છે. એટલે કે જેટલો ચેપ ફેલાવો હતો એટલો ફેલાઈ ગયો, હવે ધીમો પડવાનો સયમ શરૂ થઈ ગયો છે. પરિણામે અમેરિકામાં લૉકડાઉન હળવું કરવાની તથા ઉદ્યોગ-ધંધા ફરીથી ધમધમતા કરવાની હિલચાલ તેજ બની છે.અમેરિકાના જ્યોર્જિયા, ઓકલાહામા અને અલાસ્કા રાજ્યોએ તો લૉકડાઉનમાં છૂટછાટ આપી પણ દીધી છે. અમેરિકામાં સૌથી વધુ કેસ જ્યાં છે એ ન્યુયોર્ક રાજ્યમાં આ અઠવાડિયના સૌથી ઓછા ૪૨૨ મોત ગુરુવારે નોંધાયા હતા.

# ૩ મે સુધી દિલ્હીમાં લોકડાઉનમા કોઈ છૂટછાટ નહીંઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી,તા.૨૬

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ કરીને રવિવારે જણાવ્યું કે, હવે દિલ્હીમાં કોરોના વાયરસના નવા કેસમાં થોડો ઘટાડો નોંધાયો છે જે સારી વાત છે. તેમણે જણાવ્યું છે કે, આ સાથે જ મૃતકોની સંખ્યામાં પણ ઘટાડો થયો છે અને રીકવરી રેટમાં વધારો થયો છે. તેમણે લોકડાઉન અંગે જણાવ્યું છે કે, દિલ્હીની પ્રજાને ૩ મે સુધી લોકડાઉનમાં કોઈ છૂટછાટ આપવામાં આવશે નહીં.

કેજરીવાલે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે લોકડાઉન માટે કેટલીક જરૂરી વસ્તુઓની દુકાનો પર જે છૂટછાટ આપી છે તે દિલ્હી પણ લાગુ કરવામાં આવે છે પરંતુ કન્ટેનમેન્ટ વિસ્તારમાં કોઈપણ દુકાન ખોલવાની મંજૂરી આપવામાં આવશે નહીં. અમે પણ કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સનું પાલન કરીશું.

આ દરમિયાન કોઈપણ માર્કેટમાં કોઈ દુકાન ખુલ્લી રહેશે નહીં પરંતુ પોળમાં એક-બે દુકાનો ખોલી શકાય છે. આ દરમિયાન સોશિયલ ડિન્સટન્સિંગનું પાલન અનિવાર્ય હશે.

## "મધુર સપ્તપદી"
## એપીસોડ ૫ : આરોગ્યસેતુ મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીએ



મોદી સાહેબે આપેલ સાત ભલામણો પૈકી એક અગત્યની બાબત હતી આરોગ્ય સેતુ એપ નો ઉપયોગ. લોકડાઉનના ૪૦ દિવસમાંથી ૨૬મો દિવસ એટલે રવિવાર તા. ૧૯મી મે. આ દિવસે મધુર ડેરીના ચેરમેનશ્રીએ મધુર ડેરીના એમડી અને આઇ.ટી. ટીમની મદદથી આરોગ્ય સેતુ મોબાઈલ એપના ઉપયોગા અને લાભા વિષે નાગરિકોને સમજ આપવા પાંચમામો એપીસોડ પ્રસારિત કર્યો હતો. એમણે જનાવ્યુ હતુ કે આપણે બધા મોબાઈલ ફોનથી ટેવાયેલા છીએ એટલે કોઈ પણ નવી એપ્લિકેશન હોય તો તરતજ આપણે ડાઉનલોડ કરી લેતા હોઈએ છીએ. કોરોના સામે લડવા કેંદ્ર સરકાર દ્વારા એક ખાસ મોબાઈલ એપ્લિકેશન આરોગ્ય સેતુ લોંચ કરવામા આવ્યો છે જેના સદુપયોગ કરવા મોદી સાહેબે ભલામણ કરી હતી. આ વિષયને વધુ ટેક્નિકલ રીતે સમજાવવા અને આપને માર્ગદર્શન આપવા મધુર ડેરીના એમડી શ્રી મનોહરસિંઘ ચૌહાણે જણાવ્યુ હતુ કે મોદી સાહેબે નાગરોકો પાસે માંગેલા .સાત વચનો પૈકી કોરોના સંક્રમણનો ચેપ રોકવામાં મદદ કરવા માટે આરોગ્ય સેતુ મોબાઈલ એપ ડાઉનલ કરી અપડેટ રહેવા જણાવ્યુ છે. આ એપ ગૂગલ પ્લે સ્ટોર અને એપ સ્ટોરથી ફ્રી ડાઉનલોડ કરી શકાય છે. આ એપ ૧૧ ભારતીય ભાષામાં ઉપલબ્ધ છે. આ એપ ઈન્સ્ટોલ કર્યા બાદ તેને સેટ કરવી એકદમ સરળ છે. લોકેશનને ઓલવેઝ ઓન અને બ્લૂટૂથને પણ ઓપન રાખે છે.

રજિસ્ટ્રેશન પ્રોસેસ માટે તમારા ફોનમાં એક ઓટીપી મોકલવામાં આવે છે. જે નાંખ્યા બાદ પર્સનલ ડિટેલ ભરવાની હોય છે. નામ, ઉંમર, ટ્રાવેલ ડીટેલ્સ ઉપરાંત હેલ્થ સાથે સંકળાયેલા કેટલાક સવાલો પૂછવામાં આવે છે. જેનો જવાબ આપ્યા બાદ ૨૦ સેકંડમાં સેલ્ફ અસેસમેન્ટ ટેસ્ટ લઈ શકાય છે.આ એપમાં સેલ્ફ ટેસ્ટના ઓપશન દ્વારા હેલ્થ ઈન્ફોર્મેશન માંગવામાં આવશે. જે માહિતીભર્યા બાદ એપ તમને કોરોનાના લક્ષણ છે કે નહી તે બતાવશે. જો કોરોના લક્ષણ હોય તો એપ સરકારની પાસે તમારો ડેટા મોકલે છે. જે બાજ હેલ્થ મિનિસ્ટ્રી તરફથી આઈસોલેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.આરોગ્ય સેતુ એપ યૂઝર્સ જો કોઈ કોરોના સંક્રમિત લોકો પાસેથી પસાર થાય કે કોરોના લક્ષણ ધરાવતો વ્યક્તિ તમારી આસપાસ હોય તો તેની જાણકારી પણ નોટિફિકેશન દ્વારા મોકલશે. તેમણે આશા વ્યક્તા કરી હતી કે લોકો જરૂરથી આ એપ ડાઉનલોડ કરીને મોદી સાહેબ, ગુજરાત સરકાર તથા અમારા ચેરમેનશ્રીના અનુરોધને માન આપશે.

### રાજસ્થાનમાં અત્યાર સુધીમાં ૩૫ લોકોના મોત

## રાજસ્થાન હાઈકોર્ટના અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

જયપુર,તા.૨૬

રાજસ્થાન હાઈકોર્ટના એક અધિકારીનો રિપોર્ટ કોરોના પોઝિટીવ આવ્યો છે. આ ઘટના બન્યા બાદ રાજસ્થાન હાઈકોર્ટને ૩ મે સુધી બંધ કરી દેવાનો નિર્ણય લેવાયો છે. શનિવારના રોજ કોર્ટને સંપૂર્ણ બંધ કરી દેવાનો નિર્ણય લેવાયો છે. આપને જણાવી દઈએ કે, આ અધિકારી જજ સાથે પણ કામ કરતો હતો.

રાજસ્થાનમાં કોરોના વાયરસના સંક્રમણથી ગ્રસિત કુલ કેસમાં ૨ ઈટાલીના નાગરિકો પણ સામેલ છે. ઉપરાંત ૬૧ એવા લોકો પણ સામેલ છે, જેને ઈરાનથી લાવીને જોધપુર અને જેસલમેરની સેનાના આરોગ્ય કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે. સમગ્ર રાજસ્થાનમાં ૨૨ માર્થી બંધ લાગૂ છે અને મોટા ભાગના વિસ્તારોમાં કર્ફ્યુ લાગેલો છે.રાજસ્થાનમાં કોરોના પોઝિટીવની સંખ્યા ૨૧૪૧ સુધી પહોંચી ગઈ છે. શનિવારે સવારે જ એક મહિલાનું આ વાયરસના કારણે મોત થયુ છે. પ્રદેશમાં અત્યાર સુધીમાં ૩૫ લોકોના મોત થયા છે.

# ભારતમાં ૨૦મે સુધીમાં ખતમ થઈ જશે કોરોનાઃ સિંગાપુર યુનિ.નું રિસર્ચ

સિંગાપુર,તા.૨૬

ભારતમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. તેનું સંક્રમણ ક્યારે ખતમ થશે તેને લઈને અલગ-અલગ દાવો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન સિંગાપુરની એક યુનિવર્સિટી એ સારા સમાચાર આપ્યા છે. ડેટા સાયન્સના માધ્યમથી દાવો કરવામાં આવ્યો છે કે ભારતમાં ૨૦મેની આસપાસ કોરોના વાયરસ ખતમ થઈ શકે છે. નોંધનીય છે કે ભારતમાં હાલ કોરોના સંક્રમણના કારણે ૩ મે સુધી લૉકડાઉન લાગુ છે.સિંગાપુર યુનિવર્સિટી ઓફ ટેક્નોલોજી એન્ડ ડિઝાઈનએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના માધ્યમથી કોરોના વાયરસને ફેલાવવાની ઝડપનું વિશ્લેષણ કર્યું છે. યુનિવર્સિટી મુજબ, આ ડેટા દર્દીના સાજા અને સંક્રમિત થવાના



આધારે છે. આ વિશ્લેષણ જીંઇને આધારિત છે. યુનિવર્સિટીએ લગભગ તે તમામ દેશોના ડેટાના આધારે રિસર્ચ કર્યું છે જ્યાં કોરોનાનું વધુ સંક્રમણ છે. ખાસ વાત એ છે કે તેના ડેટા આધારિત ગ્રાફને જોયા બાદ જાણવા મળ્યું કે ઈટલી અને સ્પેનમાં એ લગભગ સાચું પુરવાર થઈ રહ્યું છે. આ બંને દેશોમાં તે મેના પહેલા સપ્તાહમાં ખતમ થઈ શકે છે.

દેશમાં કોવિડ-૧૯ના કેસ બેગણા થવાની સરેરાશ દર હાલ ૯.૧ દિવસ છે. હાલ દેશમાં સંક્રમણથી મૃત્યુ દર ૩.૧ ટકા છે જ્યારે (સંક્રમિત) દર્દીના સંક્રમણ મુક્ત થવાની ટકાવારી ૨૦ ટકાથી વધુ છે. જે મોટાભાગના દેશોની તુલનામાં સારી છે. દેશમાં લૉકડાઉનની સારી અસર જોવા મળી રહી છે.

# અમદાવાદમાં ૩ મે સુધી તમામ દુકાનો બંધ રહેશે: વિજય નેહરા

અમદાવાદ,તા.૨૬

શહેરમાં કોરોનાનો કહેર દિવસે ને દિવસે વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૮૨ નવા કેસ ઉમેરાયા છે. અત્યાર સુધીમાં અમદાવાદમાં કોરોનાના કેસનો કુલ આંક ૨૦૦૩ પર પહોંચી ગયો છે. જ્યારે કોરોનાના કારણે ૮૬ લોકોના મોત થયા છે. આ મામલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર વિજય નેહરાએ પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં જણાવ્યું હતું કે શહેરમાં આવશ્યક સામાન સિવાયની તમામ દુકાનો ૩ મે સુધી બંધ રહેશે. વેપારી એસોસિએશન સાથે ચર્ચા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે ગઇકાલે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો કે અમુક વિસ્તારોમાં દુકાનો ખોલવાની મંજૂરી અપાઇ હતી.નેહરાએ કહ્યું કે, અમદાવાદમાં ડબલિંગ રેડ ચારથી વધીને આઠ દિવસનો થઇ ગયો છે. દર્દીઓના મૃત્યુ કરતા સાજા થવાનો દર પણ બમણો થયો છે. તંત્ર દ્વારા ફાઇવ સ્ટાર હોટલો સાથે એમઓયુ કરવામાં આવ્યા છે જે અનુસાર સમરસ હોસ્ટેલમાં રહેવા ન માગતા લોકો ફર્ન હોટલમાં રહી શકે છે. એક તબક્કે શહેરમાં ડબલિંગ રેટ ત્રણથી ચાર દિવસનો હતો જે ઘટીને આઠ દિવસનો થઇ ગયો છે. જ્યારે રિકવરી રેટ ૧૦ ટકા પર પહોંચી ગયો છે.તેમણે કહ્યું કે નરોડામાં એક ખાનગી હોસ્પિટલ બની રહી હતી. આ નિર્માણાધીન ૨૦૦ બેડની હોસ્પિટલનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો ન હોવાથી કોવિડ હોસ્પિટલ તરીકે ઉપયોગ કરવાની ઓફર કરવામાં આવી છે.

ગાંધી બ્રિજ અને દધીચી બ્રિજ બંધ

નહેરુ બ્રિજ બાદ, ગાંધી બ્રિજ અને દધીચી બ્રિજ બંધ કરવામા આવ્યા છે. ટ્રાફિક પોલીસ દ્વારા મોડી રાતે નિર્ણય લેવામા આવ્યો છે. સુભાષ બ્રિજ, એલિસબ્રિજ, જમાલપુર બ્રિજ અને આંબેડકર બ્રિજ ચાલુ છે. અચાનક લેવાયેલા નિર્ણય ને પગલે લોકોમા મુશ્કેલી પેદા થઈ છે. કોઈ જાહેરાત વિના રસ્તો બંધ કરતા લોકો અટવાયા છે.

# જયંતિ રવીજી, અધૂરી માહિતી આપી ''આત્મ શ્ર્લાગા'' કરવાથી કોરોના કંટ્રોલમાં નહિં આવે

(જીએનએસ. પ્રવિણ ઘમંડે), તા.૨૬

ગુજરાતની સરખામણી એક સમયે વિકાસની બાબતમાં બીજા વિકાશશીલ દેશો સાથે થતી હતી. આજે કોરોનાને કારણે ગુજરાતની સરખામણી એવા દેશો સાથે થઇ રહી છે કે જ્યાં કોરોના મહામારીએ એવો હાહાકાર મચાવ્યો કે જ્યાં ચીન કરતાં પણ ભારે તબાહી મચી ગઇ. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિ કે જેમને કેટલાક હવે આરોગ્ય મંત્રી તરીકે ઓળખે છે( કેમ કે સાચા આરોગ્યમંત્રી નીતિન પટેલ તો મિડિયા બ્રિફિંગમાં આવતા નથી છેલ્લાં એક મહિનાથી) તે જયંતિ રવિએ આજે રવિવારે કોરોના ના કેસો અને સરકારની જાણકારી મિડિયાને આપતા એમ કહ્યું કે કોરોનામાં ગુજરાતની સ્થિતિ ગુજરાત જેટલી જ વસ્તી ધરાવનાર સ્પેન અને ઈટાલી કરતાં તો સારી છે!!કોરોના મહામારીમાં સ્પેનમાં ૨ લાખ કરતાં વધારે કેસો નોંધાયા છે, ઈટાલીમાં ૧.૯૫ લાખ કરતાં વધારે કેસો નોંધાયા છે, સ્પેનમાં ૨૨ હજાર કરતાં વધુ લોકો માર્યા ગયા તો ઈટાલીમાં પણ ૨૬ હજાર કરતાં વધારે લોકો માર્યા ગયા છે. તેની સરખામણીએ ગુજરાતમાં કેસો અને મોતની સંખ્યા ઓછી છે. પરંતુ આ બે દેશોમાં કોરોના ટેસ્ટીગનો રેશિયો કેટલો છેપ? સ્પેનમાં પ્રતિ મિલિયન એટલે કે દર ૧૦ લાખે ૧૯ હજાર કરતાં વધુ ટેસ્ટ થયા છે તો ઈટાલીમાં આ રેશિયો ૨૮ હજાર કરતાં વધારે છે. સચિવે આ આંકડા આપ્યાં નથી. સચિવે ગુજરાતમાં ટેસ્ટીગના આંકડા આપ્યા તે મુજબ ગુજરાતમાં દર ૧૦ લાખે માત્ર ૧૫૪૭ અને અમદાવાદમાં ૨૭૦૧ ટેસ્ટ થાય છે.!!અન્ય શબ્દેમાં કહીએ તો સ્પેન અને ઈટાલીની સરખામણીએ ગુજરાતમાં આ દેશો કરતાં ૧૦ ટકા કરતાં પણ ઓછા ટેસ્ટ થાય છે. તો પછી તેમની સાથે તુલના કઇ રીતે થઇ શકેપ? સચિવના મનપસંદ આ બે દેશોમાં કેસો વધારે છે તેનું મુખ્ય કારણ એ છે કે ત્યાં ટેસ્ટીગનું પ્રમાણ વધારે છે. જ્યારે ગુજરાતમાં ૩ હજાર ટેસ્ટીગ રોજે રોજ થયા બાદ તેમાં ઘટાડો કરાયો અથવા તો આંકડા આપવામાં છબરડા જોવા મળ્યા છે. ટેસ્ટીગ વધારે થાય તો પોઝીટીવ કેસો વધારે થાય. પણ જો ટેસ્ટીગ ઓછા થાય તો દેખીતી રીતે જ કેસો પણ ઓછા બહાર આવે. આ રોગ કોઇ એવો તો છે નહીં કે શરીર પર તેના બાહ્ય લક્ષણો મળે અને તરત જ ઓળખાઇ જાય કે હાં, આ કોરોનાનો દર્દી છે. લક્ષણો માટે ટેસ્ટીગ અનિવાર્ય અને ટેસ્ટીગમાં ગુજરાત સ્પેન અને ઈટાલી કરતાં ૯૦ ટકા પાછળ છે તો સરકાર અને સચિવ તેની સાથે ગુજરાતની સરખામણી કઇ રીતે કરી શકેપ? શું સચિવ રવિ સરકારને ગેરમાર્ગે દોરી રહ્યાં છેપશું સરકારના કહેવાથી આવી સરખામણીની માબિતી આપી રહ્યાં છેપ.કેમ કે તેમણે અધૂરી માહિતી આપીને છબરડો વાળવાની સાથે રૂપાણી સરકારને પણ ક્ષોભજનક સ્થિતિમાં મૂકી છે.


સનદી અધિકારી એવા જયંતિ રવિને ટેસ્ટીગના આંકડાના મામલે એક અખબારે ઉધડો લીધા બાદ પોતાની ભૂલ થઇ હોવાનું કહીને માફી માંગવી પડી છે. રોજ ૩ હજાર ટેસ્ટીગ થાય છે એમ કહેનાર સચિવેરૂટિન બ્રિફિંગમાં ટેસ્ટીગના આંકડા ઓછા આપતા અખબારે તેના સમાચાર પ્રસિધ્ધ કર્યા ત્યારે હાંફળા હાંફળા થઇને સચિવને કહેવું પડ્યું કે, સોરી મારી ભૂલ થઇપ૩ હજાર ટેસ્ટ થયા છે. સચિવે કોરોનાના કેસો વધ્યા ત્ટારે ક્યારેક જમાત ઉપર ઢોળ્યું ક્યારેક વળી વધારે ટેસ્ટીગ થાય છે એટલે કેસો વધે છે એવું કારણ આપ્યું, ક્યારેક એમ કહ્યું કે ૬૭માંથી ૬૦ જણાં કોરોનાને કારણે નહી પણ પોતાની અંગત બિમારીને કારણે મૃત્યુ પામ્યા છે!!




સ્પેન અને ઈટાલી યુરોપના એવા દેશશો છે કે જેઓ પ્રજાથી કોઇ માહિતી છુપાવતા નથી. છેલ્લાં ૩૫ દિવસમાં આ બે દેશોએ શરૂઆતથી જ ટેસ્ટીગનું પ્રમાણ વધારે કરીને કોરોનાના વધુમાં વધુ કેસો શોધી કાઢવાનું કામ કરીને કેટલાય લોકોને સંક્રમિત થતાં બચાવ્યાં. જ્યારે ગુજરાતમાં માહિતી છુપાવવાના પ્રયાસો થાય છે, પ્રજાને અધી અધૂરી માહિતી આપવામાં આવે છે સચિવ દ્વારા અને ટેસ્ટીગ ઓછા કરીને ઓછા કેસો બતાવીને સ્પેન અને ઈટાલી સાથે સરખામણી કરીને સરકાર અને સચિવે પ્રજાને ગેરમાર્ગે દોર્યા છે. સચિવ જાહેર કરે કે સ્પેન અને ઈટાલીમાં કેટલા ટેસ્ટીગ થયા અને પ્રતિ મિલિયને તેનો દર શું છે. માત્ર એ દેશોની વસ્તી સાથે સરખામણી કરવી તે આત્મસંતોષ લેવા સમાન છે. બે વખત આંકડા જાહેર થતાં હતા તે હવે એકવાર જાહેર થાય છે. ખોટા આંકડાનો વિવાદ વધશે એટલે એ પણ બંધ થઇ જાય તો નવાઇ નહી.!

# "પડે તેવી દેવાશે"રૂપાણી સરકાર ભાગ - ૧

**રૂપાણી સરકારે લોક ડાઉન માં દુકાનો ખોલવાની છૂટછાટ આપતા ગણતરી ના કલાકો માં ટપોટપ દુકાનો બંધ કરવા નિર્ણય લેવાયો કે હવે ૩ મે સુધી દુકાનો ખોલી નહિ શકાય..કેમકે ચાર મહાનગરો ના કમિશનર પોતે અભ્યાસ કરીને પ્રજહીત માં વિટો વાપરી રૂપાણી સરકાર ના કાંન આંબોલ્યા કે આં હાઇ પાવર કમિટી માં કોઈ પણ ચર્ચા કરતાં પહેલાં એમણે વિશ્વાસ માં લ્યો.આં ભાઈ ને મારી સાથે જ કોરો નતાઇન કરાયા હતા...હું પણ તેમની ભૂલ ના લીધે જ આજે હોમ કોરો ન્ટાઈન છું..આં ભાઈ ની પાસે સમજણ થી વધારે કામ લેવાય રહ્યું હોય તેમ લાગે છે જેથી રાજકારણી નો કોરોના ટેસ્ટ સાથે મનોચિકિત્સક ટેસ્ટ કરવો પણ જરૂરી છે તેવું મને લાગે છે.કેમકે ઉતાવળે લીધેલ નિર્ણય નો પ્રજા ભોગ ના બની જાય એટલે.....કેન્દ્ર નું હોમવર્ક અને સૂચના નું પાલન તેમના માટે પ્રથમ કાર્ય છે જ્યારે સ્થાનિક સત્તાધીશો તેમના માટે બીજા નંબરે છે.મોદીજી જેમ "મન કી બાત" પ્રમાણે શાશન કરે છે તેમ રૂપાણી પણ "મોદી શાહ કી વાત" ગુરુ મંત્ર ના હોમ વર્ક પ્રમાણે શાશન કરે છે જેમાં આં બીજી વાર તેમની આજે ગંભીર ભૂલ થઈ..પહેલી વાત હાઈ કમિટીના નિર્ણય થી ઇમરાન ખેદાવાલાં ને મળવા બોલાવ્યા અને**



**કોઈ જ તપાસ કરાવ્યા વિના મળ્યા અને અમારા જેવા પત્રકાર ને પણ દુઃખી કર્યા તેમ આજે અમદાવાદ માં પણ દુકાનો ખોલાવી અને પછી વિજય નહેરા મ્યુનિસિપલ કમિશનર ની સાવચેતી ના નિર્ણય ને માન્ય રાખી પછી દુકાનો બંધ કરાવી.....આં " પડે તેવી દેવાય" જેવા શાશન માં અખતરા કરતા મુખ્યમંત્રી ને કોણ રોકશે? જો આવું ને આવું ચાલશે તો વિજય નહેરા ના કહેવા પ્રમાણે અમદાવાદ મા ૫૦.૦૦૦ થી ૮ લાખ કેસ પણ થઈ શકે..હાલમાં જયંતિ રવી,અશ્વિનીકુમાર અને શિવાનંદ ઝા ત્રણેય સનદી અધિકારીઓ રૂપાણી સરકાર ના મીડિયા સામે ના ઍંકર છે..જેઓ રૂપાણી અને મોદીજી તેમજ સરકાર ના કોઈપણ નિર્ણય ના એટલા હૃદય દ્રાવક વખાણ કરી કોઈ પણ બાબત ને એવી મરોડીને રજૂ કરે છે કે જાણે હરિશ્ચંદ્ર રાજા ના નિર્ણય ને પ્રજા સમક્ષ મૂકતા હોય..આંકડાકીય માહિતી એટલી બધી ઘણીવાર ખોટી પડે અને વાસ્તવિક ના લાગે તે માટે મીડિયાના પ્રશ્નો ના જવાબ પણ ગોળ ગોળ આપવામાં આવે અને ક્યારેક મીડિયા સાચો જવાબ ના મળે તેનાથી પી જવાનું પણ ટાળે...આં ત્રણેય સરકાર ના ઍંકર ને માત્ર મીડિયા માં લાઈવ પ્રજા સામે આવી ને સીધી સૂચના આપવાનું જાણે કહેવામાં આવ્યું હોય તેમ જણાવે છે..જ્યારે ઇલેક્ટ્રોનિક મીડિયા વાળા ને પણ ઉપર ના આદેશાનુસાર લાઈવ પ્રેસ બતાવવામાં જ રસ હોય...જયંતિ રવી આજે તો જાણે વિજય નહેરા ના આંકડાઓ ને તેમના સ્ટેટેસ્તિક હોય તેવું ગળે ઉતારવાનો પ્રયત્ન કરતા હતા પણ હજુ સ્વીકારતા નથી કે ૩૫ દી આં ના કોરોના ગુજરાત પ્રવેશ માં આજે ૩૭ કેસ થી વધી ને ૩૦૦૦ થી વધારે આજે કેસ પોઝિટિવ થઈ ગયા અને સ્પેન.ઈટલી સાથે ગુજરાત ને સરખાવી મૂર્ખતા નું પ્રદર્શન તો એવી રીતે કરે છે કે જાણે મીડિયા ને ખબર જ ના પાડતી હોય..૬ કરોડ ની જનતા માં રોજના. ૨૫૦૦ થી ૩૦૦૦ ટેસ્ટ થાય અને તેમાં પણ ૨૦૦ થી વધારે પોઝિટિવ આવે..જ્યારે વિદેશો માં ટેસ્ટ ની સંખ્યા કેટલા ગણી વધારે હોય છે માટે ત્યાં પોઝિટિવ વધારે આંવે અને વેન્ટિલેટર પર વધારે લોકો હોય.ગુજરાત માં હાલમાં સાડા ત્રણ હજાર પોઝિટિવ કેસો માં પણ અનેક સ ર કા ર ી અધિકારી,ધારાસભ્ય,પત્રકારો,પોલીસ અધિકારીઓ.મેડિકલ સ્ટાફ અને વોરિયર્સ પોઝિટિવ આવી ગયા કેમકે સરકાર ની કોઈ ચોક્કસ હજુ પણ ગાઈડ લાઈન છે જ નહિ.હોસ્પિટલ મા પોઝિટિવ કેસ સાથે કેમ વ્યવહાર કરવો,કેમ ટ્રીટમેન્ટ આપવી તેવો કોઈ સિલેબસ છે જ નહિ જેના ભોગ વોરિયર્સ બની રહ્યા છે અને આં રાજનેતાઓ ત્રણ સનદી અધિકારીઓ ના ખભે રોજ સવારે ૧૦:૩૦ થી સાંજે ૭:૩૦ માં ચાર પ્રેસ લાઈવ કરીને જાણે કે પ્રજા ને સંતોષ આપી દીધી તેમ આજે ૩૫ દિવસ થી વર્તી રહ્યા છે અને પેલા દિલ્હી વાળા દર રવિવારે જેમ વિચાર આવે તેમ મન કી વાત મા બાળ ગોળી પ્રજા ને આપી ખુશ કરી રહ્યા છે જ્યારે ભાજપ ના કાર્યકરો ધારાસભ્યો અને સાંસદ ના ક્વોટા ના ફૂડ પેકેટ ક્યાં બનાવવા.ક્યાં આપવા અને પોતાની વોટબેંક રહી ના જાય તેની મથામાળ માં વ્યસ્ત છે જ્યારે વિરોધ પક્ષ પણ નાની મોટી ફૂડ પેકેટ આપવાની સેવાઓ અને પ્રસિદ્ધિ માં વ્યસ્ત છે...હવે "પડે તેવી દેવાય" ભાગ - ૨ આવતી કાલે....પ્રદીપ રાવલ.તંત્રી ન્યુઝ ઓફ ગાંધીનગર..દૈનિક. (૯૮૨૪૬૮૩૦૭૬)**

# વાર્તા વૈભવ

સંગીત.. સ્વર..લેખક: જયશ્રી પટેલ


નીલનો ફોનમાં મેસેજ વાંચી આભા જલ્દી જલ્દી તૈયાર થવા લાગી.આજે તો તેનો કાર્યક્રમ મારે ગુમાવવો નથી જ. નક્કી કરી તે રસોડામાં ગઈને કોફી બનાવી લઈને ઉપર ચઢી.બધા જ મિત્રો તેના આ સંગીત- સ્વરના કાર્યક્રમનાં મન મૂકી વખાણ કરતા હતા.આજે તો તેનું સામેથી આમંત્રણ પણ હતું.બસ મનમાં ને મનમાં તે હરખાતી હતી કે ચાલો ઘણાં વરસો પછી તે એને મળશે પણ ખરી.

બન્ને શાળામાં થી સારા મિત્રો હતા.નોટબૂક કે પુસ્તકની આપલે કરવી ,રીશેષમાં નાસ્તો ખાવો ને થોડું રમવું.રમતા રમતા પોતે થાકી જતી ને તેથી ઘડી બે ઘડી રમી તે પણ તેની સાથે બેસી જતો.પડતી આખડતી તો તે સંભાળી ઊભી કરી દેતો.આમ નીલના સાથની શાળામાં તે જાણે ટેવાય ગઈ હતી.શાળા પતીને પોતે ભણવા માટે સારી તક મળતા જ મુંબઈ જતી રહી.ખૂબ મહેનત કરતી જેથી કોઈની પર આધાર રાખી ન જીવવું પડે.નીલ નાનપણથી જ સંગીત પ્રેમી હતો તે કોઈ પણ વાંજીત્ર સરસ રીતે વગાડી જાણતો..તેનો અવાજ પણ લોકો વખાણતા.

અચાનક હાથમાંથી પ્યાલો નીચે પડ્યોને કોફી ઢોળાય ગઈ. તેણી ચમકી ઘડિયાળમાં સમય તો દોડતો હતો.તેણીને વહેલા પહોંચવું હતું,પાંચ વરસે તે નીલને મળવાની હતી.મુંબઈ તે તેનો પ્રોગ્રામ આપવા આવ્યો હતો.પાંચ વરસમાં તો તેણીની દુનિયા જ બદલાઈ ગઈ હતી.પિતાનું અકસ્માતમાં મૃત્યું થયું,મા જાણે દસ વરસ વધું ઘરડી લાગતી હતી.પોતે પિતાનો ધંધો ને અભ્યાસ જોડે સંભાળતી હતી.ઉમ્મર કરતા વધુ મોટી લાગતી હતી.ધંધામાં તેના પિતાનો સ્ટાફ કહેતો તે ખૂબ જ હોનહાર ધંધાદારી છે.પિતા કરતા તે વધુ સારો ધંધો જમાવી બેઠી હતી.

ગાડીમાં બેસી તેણીએ ડ્રાઈવરને જયાં જવાનું હતું તેનું કાર્ડ આપી દીધું..ને પાછી વિચારો માં પડી.મુંબઈ જવા જ્યારે તે નીકળી ત્યારે તેણે નીલની એરપોર્ટ પર ખૂબ જ રાહ જોઈ હતી.પણ આગલી સાંજે જ્યારે એ મળ્યો ત્યારેજ એણે ના કહી હતી કે તે નહિ આવી સકે.એટલા તો નાના નહોતા કે હૃદયની વાત ન સમજી સકે.તે જ્યારે વિમાન રનવે પર ચાલ્યું ત્યારેજ આંખ મીચી અશ્રુંને રોકી બેઠી હતી. તેને ભણવું હતું ..બસ ભલે પિતા કરોડો પતિ હતા પણ તેની દુનિયા જ અલગ હતી.તે વિચારતી જો તે આગળ નહિ ભણે કે નહિ ઝઝૂમે તો એ દુનિયાથી પાછળ રહી જશે.તેણે નક્કી કર્યા પ્રમાણે જ તેની દુનિયા વસાવી.ફોન પર મેસેજની આપ લે એ તો એની ને નીલની જોડતી કડી હતી.તે નીલની પ્રગતિથી ખુશ હતી.હમેશાં તેને મેસેજ કરીને પ્રોત્સાહિત કરતી.નીલ પણ ક્યાં નો ક્યાં પહોંચી ગયો છે.

નીલ સંગીત સ્વરનો રચયિતા..ઠેર ઠેર તેના પોગ્રામ થાય ને યુવાન વર્ગ તેનો દીવાનો,દેખાવે સુંદર ફાંકડો ને સ્ટાઈલીસ્ટ ,કોઈ પણ યુવાન છોકરી તેની દીવાની થઈ જાય. પણ નીલને મન તો તેની હૃદયની રાણી એટલે જ આભા. હજુ સુધી બન્ને ઔપચારીકતા થી આગળ નહોતા વધ્યા..બન્ને બાળપણના સાથીદાર બન્ને પોતાના હૃદયથી વિંટળાયેલા..એકબીજાના પૂરક.



આજ તો જો એ કહે તો એને હા જ પાડી દેવી છે.પણ અ કેવી રીતે બધું મેનેજ કરતો હશે..ઊપરથી આટલા બધા વગાડનારા પણ..!જેમ જેમ મુંબઈનો ટ્રાફિક વટાવતી એમ એમ ધીરજ પણ ખૂટવા લાગી હતી.સામે આવી જશે તો..તે કેવી રીતે તેનો સામનો કરશે..આંખ મીચીા રોમાંચ અનુભવી રહી.રવિન્દ્ર નાટ્ય મંદિરના મુખ્ય દરવાજે પહોંચી તો બહુ જ ગિરદી હતી.તે કેવી રીતે સંદેશો પહોંચાડશે..તેની પાસે આમત્રંણ ફોનમાં હતું.તેણે દરવાજા પરના માણસને તેણે બતાવ્યું,તો એણે કાર્ડ માંગ્યું .ત્યાંતો એક સુંદર છોકરી આવી તેને અંદર લઈ ગઈ.તેને આગળ ખુરશી પર પહેલી જ હરોળમાં મુખ્ય મહેમાનની ખુરશી પર બેસાડી ને ચાલી ગઈ.એણે બે હાથ જોડી નમસ્તે કર્યા,તેણી પણ નમસ્તે કરી ચાલી ગઈ.

સમય થઈ જશે કાર્યક્રમ શરૂ થઈ જશે.મારે પહેલાજ એને મળવું છે.એ ઉભી થવા ગઈ અને કાર્યક્રમ શરૂ થવાની રીંગર વાગી ગઈ.તે બેસી રહી.પડદો ખૂલ્યો ને નીલ સામે આવી ને ઉભો રહી ગયો ને તેનું સામે આવી જવું.તેના માટે એક ધડકનનું ચૂકી જવું.તેણે માથું નીચું કરી દીધું...બે અશ્રુ બૂંદ ટપકી પડ્યા.

ધીરે ધીરે ગીતોની રમઝટ શરૂ થઈ ને એક પછી એક જૂના નવા ને તેના રચેલા ગીતો,સુંદર વાંસળી વાદન,ગીટાર ને અંતે તબલા...ને અંતિમ ગીત પૂર્ણ થતા તે નીચે આવ્યો સંગીત ને સ્વર ની રમઝટ વચ્ચે આભાનો હાથ પકડી તે તેને સ્ટેજ પર લઈ ગયો..ને છેલ્લા સૂર સાથે..તાળિયો ના ગડગડાટ વચ્ચે તેણે આભાને ઉંચકી ગોળ ગોળ ત્રણ ચાર વાર ફરી લીધું ને આભા ની આંખમાંથી અશ્રું ની ધારા વહેવા લાગી...પેલી સુંદર છોકરી દૂરથી આ મિલનને જોતી રહી.નીલસર કેમ આજે ખુશ છે તે બીજા સ્ટાફના મેમ્બર ન સમજી શક્યા પણ તે છોકરી સમજી ગઈ.

ઓડીયન્સમાં કેટકેટલી છોકરીઓના દીલ તૂટી ગયા, કેટકેટલીય છેકરીઓના સ્વપ્ન ચકનાચૂર થઈ ગયા. રૂપાળી છોકરીને બૂમ પાડી તેણે ,''અંજલી! કમ હીયર.'' જાણે છે આ મારી ,''આભા..!'' ને અંજલીએ ફરી હાથ જોડ્યા.આભાએ આત્મીય સ્મિત સાથે ફરી હાથ જોડ્યા.નીલ બોલ્યો ,'' હું સંગીત છું તો આભા સ્વર છે.''ને આભા ઈશારાથી ''ના ના કરતી રહી.''જલીના આશ્ચર્ય વચ્ચે નીલે જ્યારે કહ્યું કે,''હું કાને બહેરો છું તો આભા પાસે વાચા નથી.''

અંજલીની આંખોમાં થી એવા અશ્રું વહ્યા કે તે ન તો દુખાશ્રુ હતા ન હર્ષાશ્રું તે તો પ્રેમના અખૂટ અશ્રું હતા.હવે તેને ખરેખર સંગીત ...સ્વર... ની આ અજોડ જોડીને વળગીને વહાલ પ્રતીત કરવાનું મન થયું..ન નીલે બોલવું પડ્યું ન આભાએ સ્વીકારવું પડ્યું.બાળપણ ને પાછું વળવું પડ્યું.

# અરવલ્લીના શેલ્ટર હોમમાં રહેલા પરપ્રાંતિય શ્રમિકોને વતન મોકલવા તજવીજ : એમ.પી ના ૨૨૫ જેટલા લોકોને ૯ બસ મારફતે મોકલાયા

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોનાએ ચારે તરફ કહેર મચાવ્યો છે. જેના કારણે અત્યાર સુધીમાં હજ્જારો લોકો કોરોનાના ભરડામાં આવ્યા છે. ત્યારે સંક્રમણ વધુ ન ફેલાય તે હેતુથી સરકારે લોકડાઉન જાહેર કરી દીધું હતું. પરંતુ શહેરમાં રહેતા શ્રમિકોએ પોતાના વતન ભણી વાટ પકડી હતી. ત્યારે તંત્ર દ્વારા શ્રમિકો આગળ ન જાય તે માટે ઠેર ઠેર આશ્રયસ્થાનો ઉભા કરી દીધા હતા. અરવલ્લીમાં શામળાજી,મોડાસા,ભિલોડા સહિત અનેક જગ્યાએ અંદાજે ૯૦૦ જેટલા શ્રમિકોને આશ્રય આપવામાં આવ્યો છે. ત્યારે શ્રમિકોએ વતન તરફ જવાની ભારે માંગ કરી હતી. સાથે જમવા તેમજ રહેવાની સગવડો અપુરતી હોવાની પણ બૂમો ઉઠી રહી હતી ત્યારે તંત્ર દ્વારા શ્રમિકોને તેઓના વતન મુકવા અંગે રાજ્ય સરકાર પાસે મંજૂરી માગવામાં આવી હતી. મંજૂરી બાદ અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રએ શ્રમિકોને વતનમાં મુકવા જવા માટે તજવીજ હાથ ધરી હતી. એમ.પી ના ૨૨૫ જેટલા લોકોને ૯ બસ મારફતે મોકલી આપવા તજવીજ હાથધરી હતી શેલ્ટર હોમમાં રહેલા શ્રમિકોમાં આનંદ છવાયો હતો

અરવલ્લી જિલ્લામાં રખાયેલ અંદાજે ૯૦૦ જેટલા પરપ્રાંતિય શ્રમિકોને શેલ્ટરહોમમાં રાખવામાં આવ્યા હતા. જ્યાં રહેવા તેમજ જમવાની સગવડ શ્રમિકો માટે કરવામાં આવી હતી. શહેરોમાં મજૂરી કરીને જીવન નિર્વાહ કરતા શ્રમિકોએ લોકડાઉન થતાંની સાથે કામધંધા બંધ થતાં વતન તરફ જવા રવાના થયા હતા. ત્યારે સરકાર દ્વારા જે જિલ્લામાં શ્રમિકો હોય તેઓને રહેવા તેમજ જમવાની સગવડ કરવામાં આવી હતી. પરંતુ શ્રમિકોએ પોતાના વતનમાં જવા માટે પ્રબળ માંગ કરી હતી. ભિલોડાના મોધરી કલ્લેકા સ્કૂલમાં રખાયેલ શ્રમિકો તો ઉપવાસ પર પણ ઉતર્યા હતા. ઘટનાને પગલે અરવલ્લી એસડીએમ મયંક પટેલ પણ ભિલોડાના મોધરી કલ્લેકા સ્કૂલ ખાતે દોડી પહોંચ્યા હતા અને શ્રમિકોને કાઉન્સેલીંગ કરવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. જો કે કાઉન્સેલીંગ બાદ શ્રમિકોએ ભોજન લીધું હોવાનું જાણવા મળ્યું હતું. તંત્ર સાથે જાગૃત નાગરિકે પણ મુખ્યમંત્રીના પીએ અશ્વિનીકુમાર, આઈએએસ રૂપવંતસિંહ તેમજ રમણલાલ પાટકરને શ્રમિકોને વતન મોકલવા માટે મેસેજ પણ કર્યા હતા. ત્યારે સરકારની મંજૂરી બાદ અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રએ શ્રમિકોને વતન જવા માટે એસટી બસોની વ્યવસ્થા કરવાની તજવીજ હાથ ધરી છે. ત્યારે અરવલ્લી જિલ્લામાં રખાયેલ ૯૦૦ જેટલા શ્રમિકોને વતન તરફ મોકલવા માટે વ્યવસ્થા હાથ ધરી છે.

# ગરમીના કેર વચ્ચે આગામી ૨૮-૨૯ એપ્રિલે દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી

ગાંધીનગર,તા.૨૬

રાજ્યમાં એક તરફ કોરોનાનો કહેર છે તો બીજી તરફ ગરમીનો કહેર છે. આવી પરિસ્થિતિમાં હવામાન વિભાગે આગામી ૨૮ અને ૨૯ એપ્રિલ બે દિવસ દક્ષિણ ગુજરાતમાં વલસાડ, નવસારી, દમણ અને દાદરા નગર હવેલીમાં વરસાદની આગાહી કરી છે. આ સાથે હવામાન વિભાગે કહ્યું હતું કે, રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમીનો પારો ઊંચો જશે અને અનેક વિસ્તારોમાં આ પારો ૪૫ને પાર થવાની પણ શક્યતાઓ દર્શાવવામાં આવી રહી છે.મહત્વનું છે કે, શનિવારે કંડલામાં ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે અમદાવાદ, ડીસા, વડોદરામાં ૪૧ ડિગ્રી અને રાજકોટ, સુરેન્દ્રનગરમાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. એક તરફ લોકો લૉકડાઉનને પગલે ઘરમાં જ રહે છે ત્યારે ગરમીનો પારો ઉંચો જઇ રહ્યો છે. હાલ વહેલી સવારે અને મોડી સાંજ બાદ ઠંડા પવનો આવવાને કારણે લોકોને રાહત મળે છે.આપણે જણાવી દઈએ કે, હવામાન વિભાગની આગાહી કરી છે કે, આગામી દિવસોમાં ગુજરાતમાં એકસાથે ૨ ડિગ્રી તાપમાન વધી શકે છે.



**કોરોના વાયરસનો ફફડાટ અને લોકડાઉન વચ્ચે દિલ્હીવાસીઓના દિવસની શરૂઆત વરસાદ સાથે થઈ હતી. રાજધાની દિલ્હી સહિત કેટલાક વિસ્તારોમાં સવારે વરસાદી ઝાપટુ પડ્યુ હતુ. વરસાદના કારણે દિલ્હીમાં વાતાવરણ ખુશનુમા જવુ મળ્યુ છે. પરંતુ કોરોનાના વધતા કેસ વચ્ચે આ પ્રકારના વાતાવરણથી કેસ વધે તેવી પણ ચિંતા જોવા મળી હતી.દિલ્હીમાં વાતાવરણ ૪૦ ડિગ્રીની નીચે નોંધાયુ છે, ત્યારે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી હતી.**

### રાજ્યમાં કોરોના મહામારી સમયે સસ્તા અનાજ ની દુકાનો પર તમે ભીડ જોઈ હશે

# સરહદી વિસ્તાર ના છેવાડા ના કોરેટી ગામમાં સસ્તા અનાજની દુકાન સંચાલકની અનોખી પહેલ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

રાજ્યમાં કોરોના મહામારી સમયે સસ્તા અનાજ ની દુકાનો પર તમે ભીડ જોઈ હશે.પરંતુ સરહદી વિસ્તાર ના છેવાડા ના કોરેટી ગામમાં સસ્તા અનાજની દુકાન પર ભીડ નહીં પરંતુ દુકાન જ જાય છે લાભાર્થી પાસે.આપને જાણીને નવાઈ લાગશે પરંતુ સોશિયલ ડિસ્ટન્સ જળવાય અને ગામના દરેક રેશનકાર્ડ ધારક ને રાશન મળી રહે તે હેતુ થી ગામના દુકાન સંચાલક અને ગામના આગેવાનો દ્વારા ટ્રેક્ટર માં જ બનાવાઈ છે સસ્તા અનાજની દુકાન. રાજ્યમાં એક તરફ




સસ્તા અનાજની દુકાનના સંચાલકો સરકાર પાસે અનેક માંગણીઓ કરી રહ્યા છે. ત્યારે કોરોના મહામારી વચ્ચે સરહદી વિસ્તાર કોરેટી ગામ ના દુકાન સંચાલકે નવી પહેલ કરી છે. ગામના તમામ રેશનકાર્ડ ધારકોને અનાજ મળી રહે તે માટે ગ્રામ પંચાયત અને આગેવાનોએ નિર્ણય કર્યો કે સસ્તા અનાજની દુકાન પર ભીડ ન થાય અને સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે માટે ટ્રેક્ટર દ્વારા લોકોના ઘરે જઈ અનાજ પુરૂ પાડવું.જે વાતને ઉપાડી ગામની સસ્તા અનાજની દુકાનના સંચાલક ને ગામના આગેવાન દ્વારા ટ્રેક્ટર આપવામાં આવ્યું. જે ટ્રેક્ટરમાં સંચાલક તમામ રાશન નો જથ્થો ભરી લોકોને ઘરે ઘરે આપી રહ્યા છે.

વાવ તાલુકાનું કોરેટી ગામ સરહદી વિસ્તારમાં છેવાડે આવેલું છે. વાવ તાલુકામાં જ કોરોના વાયરસના છ પોઝિટિવ કેસ આવતા કોરેટી અને તેની આજુબાજુનો વિસ્તાર બફર ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જેથી આ વિસ્તારમાં કોરોના સંક્રમણનો ભય વધારે રહેલો છે. જે ભય ઓછો થાય અને આ વિસ્તારના લોકો કોરોના સંક્રમણ થી બચે તે હેતુથી સસ્તા અનાજની દુકાન ને ટ્રેક્ટર દ્વારા હરતી ફરતી કરાઇ છે અને લોકોને ઘર સુધી અનાજ પહોંચાડવું માં આવી રહ્યું છે.

દેશમાં કોરોના સંક્રમણને અટકાવવા માટે સરકારે અનેક પગલાં ભરી રહી છે. પરંતુ તેની સાથે સાથે છેવાડાના માનવીને પણ અવનવા પ્રયત્નો કરી લોકોને કોરાના સંક્રમણથી બચાવી રહ્યા છે. કોરેટી ગામ ના સસ્તા અનાજની દુકાનના સંચાલકની આ પહેલ સમગ્ર વિસ્તારમાં ચર્ચાના એરણે છે.




અમદાવાદ જિલ્લા ના માંડલ તાલુકા ના જાલીસના ગામ માં રહેતા ગરીબ અને પરપ્રાંતીય લોકો Covid-1૯ ની મહામારી મા ભોજન મળી રહે તે ઉમદા હેતુ થી સુઝુકી મોટર ગુજરાત પ્રાઈવેટ લિમિટેડ ના સહયોગ થી ઝજીઇ કાર્યક્રમ અંતર્ગત COVID-19 ની મહામારી મા મદદરૂપ બનવાના હેતુસર અમલીકરણ સંસ્થા નૈસર્ગિક ટ્રસ્ટ દ્વારા ૧૫ દિવસ ચાલે તેટલું અનાજ, કરિયાણું, તેલ અને શાકભાજી સુઝુકી મોટર ગુજરાત પ્રાઈવેટ લિમિટેડ ના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી ભાવેશભાઈ શાહ ના માર્ગદર્શન મુજબ સુઝુકી મોટર ગુજરાત પ્રાઈવેટ લિમિટેડ ના ઝજીઇ મેનેજર નીરમેષભાઈ અને મુકેશભાઇ અને નૈસર્ગિક ટ્રસ્ટ ડાયરેક્ટર પ્રકાશભાઈ ચૌહાણ ના સંકલન થી નૈસર્ગિક ટ્રસ્ટ દ્વારા આપવામાં આવેલ હતું, જેમાં નૈસર્ગિક ટ્રસ્ટ ના કાર્યકર કલ્પનાબેન પ્રજાપતિ, સુઝુકી મોટર ગુજરાત પ્રાઈવેટ લિમિટેડ ના પ્રતિનિધિ, સરપંચ શ્રી જાલીસના ઠાકોર સજનબેન મનુજી અને મનુજી ઠાકોર અને પથ પ્રોજેકટ ના વોલેન્ટિયર જીલાજી ઠાકોર હાજર રહ્યા હતા

# લોકડાઉનના ચુસ્ત પાલન વચ્ચે જગન્નાથજી મંદિરમાં રથ પૂજન કરાયું



ભગવાન બલરામજી, સુભદ્રાજી અને જગન્નાથજી જે રથમાં નગરયાત્રાએ નીકળે છે એ ત્રણેય રથનું પ્રતિ વર્ષની પ્રણાલી મુજબ વિધિ પૂર્વક અખાત્રીજના શુભદીને આજે લોકડાઉનના નિયમનું ચુસ્ત પાલન વચ્ચે ગાદીપતિ મહંત પૂ. દિલીપદાસજી મહારાજ અને જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝા વિગેરે દ્વારા ભાવપૂર્વક રથ પૂજન કરવામાં આવ્યું હતું. આજે કદાચિત પ્રથમ વખત આ શુભ અવસરમાં ભાવિક ભક્તો જોડાઈ શક્યા ન હતા.અક્ષય તૃતીયા વખતે યોજાતી ચંદન યાત્રાને રથયાત્રાનું પ્રથમ ચરણ ગણવામાં આવે છે. અખાત્રીજના દિવસે ભગવાન જગન્નાથજી પાસે વિશ્વકર્મા આવીને તેમની નગરચર્યા માટેના રથ બનાવવાની મંજૂરી માંગે છે. એ જ પવિત્ર દિવસે વિધિવત પૂજન-અર્ચન બાદ રથનું સમારકામ કરવામાં આવે છે.ભગવાનના ત્રણેય રથને શણગારવામાં આવે છે અને મોટીસંખ્યામાં ભક્તો દર્શન કરવા ઉમટી પડે છે. આ દિવસે ભગવાનને ચંદનના શણગાર હોવાથી તેને પ્રતીકાત્મક ચંદન યાત્રા કહેવામાં આવે છે.

મનોજ કે. કારીઆ

# અખાત્રીજ ના પવિત્ર દિવસે પુજન કરી મુહૂર્ત કરાયુ



અખાત્રીજ ના પવિત્ર દિવસ નું ખેતી પ્રધાન એવા ભારત દેશ ના ખેડુતો મા એક અલગ મહત્વ રહેલું છે. ખેડુતો આ દિવસે ખેતર મા પુજન કરી મુહૂર્ત કરે છે . ખેડુતો ખેતી ને લગતા આર્થિક વ્યવહાર ની શરુઆત પણ અખાત્રીજ થી કરે છે

બેચરાજી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી કેશાભાઇ પ્રજાપતિ એ પણ આદિવાડા મા ગામ ના ખેડુતો ની સાથે ખેતર મા પુજન સાથે મુહૂર્ત કરી ભાજપ ના કાર્યકરો તેમજ તાલુકા ના ખેડુતો ને અખાત્રીજ ની શુભેચ્છા પાઠવી હતી .આજના દિવસે તેમણે તાલુકા ના લોકો ને સંદેશ પાઠવતા જણાવ્યું હતું કે સમગ્ર દુનિયા જ્યારે આપણા વડા પ્રધાન મોદી સાહેબ ની કોરોના સામેની લડાઇ ની પ્રશંસા કરે છે ત્યારે આપણે ગામડા ના લોકો એ પણ કોરોના ને ગામડાઓ મા આવતો અટકાવવા ના તમામ પ્રયાસ કરી માનનીય મોદી સાહેબ ની કોરોના સામે ની આ લડાઇ મા તેમને મદદ કરી ભારત ને આ મહામારી માથી બહાર લાવીએ

# લોકડાઉનમાં છત્તીસગઢમાં ફસાયેલ પિતા પુત્રની અંતિમક્રિયાથી દૂર રહેવા મજબુર

અરવલ્લી બ્યુરો મોડાસા

લોકડાઉનમાં અનેક કરૂણ ઘટનાઓ બની છે અનેક લોકો કોરોનાની મહામારીના પગલે મૃત્યુ પામેલા સ્વજનોની અંતિમવિધિ થી વંચિત રહ્યા હોવાની સાથે મરણોત્તર ક્રિયાઓ બંધ રાખવાની ફરજ પડી હતી આવીજ એક ઘટના અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના દધાલિયા ગામે બની હતી જેમાં ૮ વર્ષીય બાળક ઘર નજીક રમતા-રમતા હોજમાં ડૂબી જતા મોત નિપજતા ચકચાર મચી હતી ''ન જાણ્યું જાનકી નું થશે'' જેવી વજઘાત સમાન ઘટનાથી મૃતક બાળકના પિતા છત્તીસગઢની ખાનગી કંપનીમાં નોકરી કરતા હોવાથી ઘટનાની જાણ કરતા પિતા આઘાતમાં સરી પડ્યા હતા ભારે હૈયે લોકડાઉનની સ્થિતિમાં પોતાના વ્હાલા સોયા દીકરાની અંતિમવિધિમાં દૂર રહેવા મજબુર બન્યા હતા ૮ વર્ષીય બાળકના આકસ્મિક મોતથી દધાલિયા પંથકમાં શોકની લાગણી છવાઈ હતી .શનિવારે રાત્રે મોડાસા તાલુકાના દધાલિયા ગામે મિહિર યોગેશભાઈ પ્રણામી નામનો ૮ વર્ષીય બાળક ઘર પાસેથી રમતા રમતા ગુમ થતા પરિવારજનોએ બાળકની શોધખોળ હાથધરતાં બાળક ઘર નજીક પાણીથી છલોછલ હોજમાં ડૂબી ગયેલી સ્થિતિમાં મળી આવતા પરિવારજનોએ તાબડતોડ હોજમાંથી બહાર કાઢી મોડાસા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો પરંતુ ફરજ પરના તબીબે બાળકનું મોત થયું હોવાનું જણાવતા પરિવારજનોમાં ભારે આક્રંદ છવાયું હતું બાળકના પિતા છત્તીસગઢમાં ખાનગી કંપનીમાં સર્વેયર તરીકે ફરજ બજાવતા હોવાથી ઘટનાની જાણ કરતા પિતાએ લોકડાઉનની સ્થિતિમાં વાહનવ્યવહાર બંધ હોવાથી પહોંચવું મુશ્કેલ હોવાથી અને ખાનગી વાહન મારફતે પહોંચતા પણ બે ત્રણ દિવસ લાગે તેમ હોવાથી ભગ્ન હ્રદયે પુત્રની અંતિમવિધિ કરવાનું પરિવારજનોને જણાવતા પરિવારજનોએ પુત્રાની અંતિમવિધિ પૂર્ણ કરી હતી લોકડાઉનમાં પિતા પોતાના એકનાએક વ્હાલા સોયા પુત્રનું અંતિમ વાર મોઢું પણ ન જોઈ શકતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા . પ્રાપ્ત માહિતી અનુસાર યોગેશભાઈ રાજ્ય બહાર નોકરી કરતા હોવાથી તેમના પુત્ર-પુત્રીના ઉચ્ચ અભ્યાસ માટે તેમની પત્ની મોડાસા શહેરની પારસ સોસાયટીમાં રહેતા હતા પરંતુ લોકડાઉન જાહેર થતા મહિલા તેમના બંને બાળકોને લઈને વતનમાં રહેવા આવ્યા હતા અને ગોઝારી ઘટના બનતા લોકડાઉન તેમના પરિવાર માટે આઘાત જનક રહ્યું હતું

# લોક ડાઉન માટે કડક અમલ કરાવનાર પાટણ બી ડિવિઝન પીઆઈ ચિરાગ ગોસાઈની રાતોરાત બદલી

પાટણ શહેર બી ડિવિઝન પી આઈ ચિરાગ ગોસાઇ નો ભોગ લેવાઈ જ ગયો પાટણ શહેર ના મીરા દરવાજા વિસ્તાર ના મીરા પાક સોસાયટી અને એ વિસ્તારમાં સાંજના સુમારે પોલીસ પર થયેલા હુમલાના બનાવમાં પીઆઇ એ હુમલો કરનારા વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવાની સજા તેમને મળી છે પીઆઇ ચિરાગ ગોસાઇ ની બદલી રાતોરાત રાધનપુર ખાતે સર્કલ પીઆઇ તરીકે કરી છે લોક ડાઉન માટે કડક અમલ કરાવનાર પીઆઇ શ્રી ચિરાગ ગોસ્વામીની



બદલી કરાતા લોકોમાં પણ આશ્ચર્યની લાગણી અનુભવાઇ રહી છે તેઓ લોક ડાઉનના કડક અમલ માટે સતત કાર્યરત હતા પાટણ શહેરમાં સતત પેટ્રોલિંગ કરીને લોક ડાઉન ન?। ચુસ્ત અમલ માટે તેમણે કરેલ કાર્યવાહીને શહેરીજનોએ પણ વખાણી હતી આ સાથે તેઓ ગરીબ જરૂરિયાત વાળા લોકોમાં ફૂડ પેકેટનું પણ વિતરણ કરતા હતા પરંતુ પાટણ ના ધારાસભ્યે રાજયના ગૃહ વિભાગ અને પોલીસ મહાનિર્દેશક ને પી આઈ ચિરાગ ગોસાઈ ના વિરોધમા પત્ર લખી ને તેમની કહેવાતી દાદાગીરી અને કાયદાનો દુરપયોગ કરીને લોકો પર ખોટા કેસ કરીને હેરાન કરીને પોલીસ ની પ્રતિષ્ઠાને નુકસાન કર્યાનો આક્ષેપ કરીને તેમની સામે કાર્યવાહી કરવા જણાવ્યું હતું

# કોરોનાની મહામારીથી ગભરાવવાની જરૂર નથી સાવચેતી રાખો, આયુષ અપનાવો અને કોરોના ભગાવો

સમગ્ર વિશ્વમાં ફેલાયેલી કોરોના મહામારીથી બચવા માટે આયુષ NPCDCS વિભાગના ડો. બીનલ નેદરીયા તથા ડો. અક્ષય રાવલે સંયુક્ત અખબારી યાદી દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાવાસીઓને કોરોનાથી ગભરાયા વિના સાવચેતી રાખી આયુષ અપનાવવા અનુરોધ કર્યો છે. આ યાદીમાં જણાવ્યા પ્રમાણે સવારમાં ઉઠીને એક ચમચી હળદરને એક ગ્લાસ પાણીમાં ગરમ કરીને પીવું જોઈએ, દિવસ દરમ્યાન ૨-૩ લીટર ગરમ પાણીનો જ ઉપયોગ કરવો જોઈએ, ગરમ પાણીમાં લીંબુ તથા મીઠું નાખીને ૨-૩ વાર પીવું જોઈએ. ગરમ પાણીમાં મીઠું, હળદર નાખીને વારંવાર કોગળા કરવા જોઈએ., નાળીયેરનું તેલ (કોપરેલ) ને ગરમ કરીને તેમાં કપૂર નાખીને આ મિશ્રણને માસ્ક કે રૂમાલમાં લગાડવું જોઈએ, ગાયના ઘી ના ટીંપા ૨-૩ વાર નાકમાં નાખવા જોઈએ, સવારમાં ૧૦ વાગ્યા પહેલા ૨૦-૩૦ મિનિટ સૂર્યપ્રકાશમાં સૂર્યસ્નાન કરવું જોઈએ, ખોરાકમાં હલકો ખોરાક જ લેવો જોઈએ, ખોરાકમાં અનાજની જગ્યાએ વિટામીન સી ધરાવતા ફ્રુટસ (ખાટા ફળો) જેવા કે, સંતરા, મોસંબી, દાડમ, અનાનસ અને શાકભાજીના સલાડ તથા સૂપનો ઉપયોગ વધુ કરવો જોઈએ. આ ઉપરાંત ભસ્ત્રીકા, ભ્રામરી, કપાલભાતિ જેવા પ્રાણાયામ કરવા જોઈએ. દિવસમાં એકવાર ગરમ પાણીમાં બામ, અજમો, કપૂર અને લવીંગ નાખીને નાસ લેવો જોઈએ, આ સિવાય આયુષ મંત્રાલયના આદેશ મુજબ આયુર્વેદિક ઘરેલુ ઉકાળાનું સેવન કરવું જોઈએ. આમ, આયુષ મંત્રાલયની માર્ગદર્શિકાને અનુસરવાથી પ્રત્યેક વ્યકિત કોરોના મૂકત રહી શકશે. જેથી ગભરાયા વિના પ્રત્યેક વ્યક્તિને ઉક્ત માર્ગદર્શિકાનું પાલન કરવા વધુમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

### લોકડાઉનની કપરી પરિસ્થિતિમાં ખેડૂતોએ મુહર્ત સાચવ્યું

# અરવલ્લીના ભૂમિપુત્રો નવા કૃષિ વર્ષના પ્રારંભે ઉજવણીમાં જોતરાયા

અરવલ્લી બ્યુરો મોડાસા

વૈશાખ સુદ-૩ એટલે અખાત્રીજ (અક્ષયતૃતીયા) નો દિવસ એટલે શુભકાર્યો તેમજ પ્રસંગો માટેનો વર્ષનો શ્રેષ્ઠ દિવસ અને ખેડૂતોના ખેતી કામ માટે નું નવું વર્ષ અખાત્રીજના દિવસે અરવલ્લી જીલ્લાના ભૂમિપુત્રોએ ભૂમિ પૂજન તથા પશુઓ અને ખેતીના ઓજારોની પૂજનવિધિ કરવાની સાથે ખેતરમાં જઈ ક્ષેત્રપાળનો દીવો ધૂપ કરી કંસાર અને ખીચડીના પ્રસાદ ધરાવી વહેંચણી કરી નવા કૃષિ વર્ષનો પ્રારંભ હર્ષોલ્લાસ સાથે કર્યો હતો.મેઢાસણ ગામે યુવા ખેડૂતોમાં અનેરો ઉલ્લાસ જોવા મળ્યો હતો અરવલ્લી જીલ્લામાં રવિવારે વહેલી સવારે અખાત્રીજ ના દિવસે પૂજનવિધિ પૂર્ણ કરી જગતનો તાત નવા કૃષિ વર્ષની ઉજવણીમાં જોતરાયો હતો જેમાં જીલ્લાના ખેડૂતપુત્રોએ પરિવારના સભ્યો સાથે હર્ષોલ્લાસથી પોતાના




ઓજારો હળ તૈયાર કરી પશુઓ અને બળદોના શીંગડાને રંગરોગાન કરી નવા પોશાકો ધારણ કરી સાગમટે ગ્રામ અને શહેરી વિસ્તારના ભૂમિપુત્રોએ હળ જોડી દઈ ખેતર ખેડી ખાતમુહર્ત કર્યું હતું દર વર્ષે અખાત્રીજે વહેલી સવારે સૌ ભૂમિપુત્રો એક જ સ્થળે એકઠા થઇ એક ખેતરમાં ભેગા મળી સામુહિક હળ જોતરી ખેતીનું મુહર્ત કરતા હોય છે પરંતુ કોરોનાની મહામારીમાં ખેડૂતોએ સોશ્યલ ડિસ્ટન્સ સાથે પોતપોતાના ખેતરોમાં પહોચી હળ જોતરી ખેતી નું મુહર્ત કર્યું હતું ભૂમિપુત્રોએ બળદગાડા અને શણગારી બળદો નું મોં મીઠું કરાવી વીતેલા વર્ષનું દુ:ખસુખ જતું કરી નવા વર્ષનો ઉમંગ ભેર પ્રારંભ કર્યો હતો અને વર્ષ દરમિયાન કયા પ્રકારની વાવણી કરવી તેનું આગોતરું આયોજન કર્યું હતું તેમજ ગત વર્ષના ખેતીમાં થયેલા નફા-નુકશાન અંગે સરવૈયું કાઢવાની સાથે ખેતી માટે રાખેલ ખેત મજૂરો અને ભાગિયાઓના હિસાબો સમેટી લઈ નવા વર્ષનું કામકાજ સોંપવામાં આવ્યું હતું ખેતમજૂરી કરતા ખેતમજૂરો પણ અખાત્રીજના દિવસે પોતાની સૂઝ-બુઝ વાપરીને ખેતર માલિકો સાથે રાજીખુશી થી છુટા થઈ પોતાના મનપસંદ લાગતા ભૂમિપુત્રો સાથે અખાત્રીજ થી અખાત્રીજ સુધી મજૂરીનો કરાર કરતા હોય છે

### કોરોના વાયરસના વ્યાપથી

# સંક્રમિત થયેલા વ્યકિતઓની સારવાર-સુશ્રુષા પૂર્ણ સજ્જતાથી થઇ રહી છે

રાજ્યમાં કોરોના વાયરસના સંક્રમણના વધતા વ્યાપ સામે આરોગ્ય તંત્ર સંક્રમિત વ્યક્તિઓની સારવાર સુશ્રુષા માટે સંપૂર્ણ સજ્જ છે.

આરોગ્ય અગ્ર સચિવ ડો. જયંતી રવિએ આ અંગેની વિગતો આપતા કહ્યું કે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાનિર્દેશોમાં રાજ્ય સરકારે યુદ્ધના ધોરણે અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતમાં ડેડિકેટેડ ટ્રિઁદ્ધ-૧૯ હોસ્પિટલ કુલ ૪૦૦૦ બેડની ક્ષમતા સાથે ઊભી કરીને સારવાર શરૂ કરી છે.

આ હેતુસર વરિષ્ઠ સચિવોને મુખ્યમંત્રીશ્રીએ ખાસ જવાબદારીઓ સોંપીને સમગ્ર વ્યવસ્થાઓ સુપેરે પાર પડે તેની કાળજી લીધી છે.

તેમણે કહ્યું કે આ મહાનગરોની ટ્રિઁદ્ધ-૧૯ હોસ્પિટલ ઉપરાંત રાજ્યમાં જિલ્લામથકો ઉપર ૨૫ સરકારી અને ૩૧ ખાનગી હોસ્પિટલ જે પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના સાથે જોડાયેલી તેમજ જિલ્લા કલેકટર દ્વારા કોવીડ-૧૯ હોસ્પિટલ તરીકે માન્યતા અપાયેલી હોય તેવી તેમજ ૩ પ્રાયવેટ હોસ્પિટલ સાથે ૧૦,૫૦૦ બેડની કુલ ક્ષમતા કોરોના સંક્રમિત વ્યક્તિઓની સારવાર માટે ઊભી કરેલી છે.

ડો .જયંતી રવિએ જણાવ્યું કે કોરોનાની સારવાર માટે જરૂરી એવા મોંઘા વેન્ટિલેટરની વિશ્વ આખામાં તીવ્ર માંગ છે એવા સમયે મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી રાજકોટના એક સ્થાનિક ઉત્પાદક જ્યોતિ સી.એન.સી દ્વારા માત્ર એક લાખ રૂપિયાની કિંમતે સ્વદેશી ધમણ-૧ વેન્ટિલેટરનું ઉત્પાદન કરીને તેનો સફળતાપૂર્વક પ્રયોગ પણ કર્યો છે.

આરોગ્ય અગ્ર સચિવે જણાવ્યું હતું કે રાજ્યમાં હાલની સ્થિતીએ સરકારી હોસ્પિટલોમાં ૧૦૬૧ વેન્ટિલેટર તેમજ ખાનગી હોસ્પિટલોમાં ૧૭૦૦ વેન્ટિલેટર ઉપલબ્ધ છે. આ ઉપરાંત ૧૦૦૦ વેન્ટિલેટર માટે ઓર્ડર આપી દેવાયો છે.

સીએમ-પીઆરઓ/અરૂણ

# લોકડાઉનથી સાબરમતીને મળ્યું નવજીવન, નદીના પાણીમાં ઓક્સિઝનનું પ્રમાણ વધ્યું

અમદાવાદ,તા.૨૬

દાયકાઓ બાદ પહેલીવાર સાબરમતી નદીનું પાણી પ્રદૂષણ રહીત વહેતું થયું છે. ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ મુજબ, નદીમાં ઓક્સિઝનનું પ્રમાણ વધવાના કારણે તેમાં જીવન શક્ય છે. વર્ષોથી વાસણા-નારોલ ગટર લાઈન મારફતે નદીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને ઈન્ડસ્ટ્રીયલ એકમોનો ઝેરી કચરો ભેળવાતો હતો. જેના કારણે નદીમાં ઓક્સિઝનનું પ્રમાણ ઘટી રહ્યું હતું.

લોકડાઉન બાદ સાબરમતી નદીમાં હાંસોલથી લઈને વાસણા-નારોલ સુએજ પ્લાન્ટ સુધીના વિસ્તારમાં ઓક્સિઝનનું પ્રમાણ ધારણ જેટલું નથી વધ્યું. પરંતુ વૌઠા અને વાત્રક જે દેશનો સાતમો સૌથી પ્રદૂષિત પટ્ટો ગણાય છે ત્યાં આ પ્રમાણ ધારણા કરતા વધીને દર લિટરે ૪.૩૭ મિલિગ્રામ થઈ ગયું. અને મિરોલી પેટ્રોલ પંપ પાસે ઓક્સિઝનનું પ્રમાણ ૪.૨૬ મિલિગ્રામ પ્રતિ લિટર થઈ ગયું છે. આ આંકડા સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના છેલ્લા રિપોર્ટમાં દર્શાવાયા છે.

# લોકડાઉન વચ્ચે સિકંદરાબાદમાં ગુજરાતના ૫૦ જવાનો ફસાયા

દહેગામ,તા.૨૬

સરહદ ઉપર દેશની સુરક્ષા કરતા સૈનિકો અનેક મુસીબતોનો સામનો કરતા હોય છે. ઠંડી, ગરમી અને વરસાદનો સામનો કરીને પણ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હોય છે. આ સૈનિકો ફરજ દરમિયાન ઘરે આવતા હોય ત્યારે અનહદ ખુશી હોય છે. જ્યારે નિવૃત્તિ બાદ ઘરે આવવાનું હોય તે ખુશી વર્ણવી શકાય તેવી હોતી નથી. એવા સમયે ગુજરાત રાજ્યના અલગ-અલગ જિલ્લાના આર્મીમાં ફરજ બજાવતા સૈનિકો ગત ૩૧ માર્ચના રોજ નિવૃત્ત થયા છે. એક તરફ પોતાના વતનમાં આવવાની તૈયારી કરી રહ્યા હતા, તેવા સમયે કોરોના વાઈરસના કારણે સમગ્ર દેશમાં લોકડાઉન થતા સૈનિકોને વતન આવવા માટે રાહ જોવી પડી રહી છે.નિવૃત્ત થયેલા અને લોકડાઉનમા ફસાયેલા જવાનોએ પોતાની વ્યથા રજૂ કરતાં ગુજરાત સરકારને જણાવ્યું હતું કે, જય હિન્દ સાહેબ, અમે અહીં ૩૧ માર્ચ ૨૦૨૦નાં રોજ ભારતીય સેનામાં ફરજ બજાવીને નિવૃત્ત થયા છીએ અને હાલ અમે લોકડાઉનના કારણે તેલંગણા રાજ્યના સિકંદરાબાદ શહેરમાં ફસાયેલા છીએ. જેમાં લખનઉમાં ફસાયેલા ગુજરાતના નિવૃત્ત જવાનોને સૌરભ પટેલે ગુજરાતમાંથી બસ મોકલીને જવાનોને પોતાના વતનમાં પરત કર્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK